


નવસર્જન સંસ્કૃતિ

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 09
Issue : 275
Dt.: 09-08-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


# પેરાસિટામોલ સહિત ૩૭ દવાના ભાવ સરકારે નક્કી કર્યા

### જે દવાઓની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે તેમાં પેરાસિટામોલ, એટોરવાસ્ટેટિન, એમોક્સિસિલિન સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્ટીબાયોટિક અને પેન કિલર દવાઓ પર હવે કંપનીઓ મનમાની રીતે કિંમત વસૂલી શકશે નહીં. કેન્દ્ર સરકારે તેના માટે કિંમત નક્કી કરી દીધી છે. કેન્દ્ર સરકારે ઈમરજન્સી ઉપયોગની ચાર દવાઓ અને ૩૭ એન્ટીબાયોટિક અને દુખાવા દૂર કરતી દવાઓની કિંમત નક્કી કરી દીધી છે. એટલે કે તેનાથી વધારે કિંમત પર તેને હવે કોઈ કેમિસ્ટ વેચી શકશે નહીં. આ કિંમતો રાષ્ટ્રીય ઔષધિ મૂલ્ય નિર્ધારણ પ્રાધિકરણ દ્વારા નક્કી કરી છે. આ દવાઓમાં મુખ્યત્વે ઈંફેક્શન, હાર્ટ ડિઝીઝ, ડાયાબિટીઝ, વિટામિન અને પેનકિલર સામેલ છે.

એનપીપીએએ જણાવ્યું છે કે બ્રાન્ડેડ હોય કે જનેરિક, બંને પ્રકારની દવાઓને સીલિંગ પ્રાઈસ (જીએસટી સહિત) કરતા વધુ કિંમતે વેચતી ઉત્પાદક કંપનીઓએ સુધારો કરવો પડશે. આ દવાઓની કિંમત સીલિંગ પ્રાઈસ કરતા વધુ ન હોવી જોઈએ. જો કે, એનપીપીએએ કહ્યું કે જેમના મેક્સિમમ રિટેલ પ્રાઈસ (એમઆરપી) સીલિંગ પ્રાઈસ કરતા ઓછી છે, તેઓ હાલની એમઆરપી જાળવી રાખશે. આ ઈમરજન્સી ઉપયોગની દવાઓમાં ઈપ્રાટ્રોપિયમનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝથી પીડિત લોકોમાં થાય છે. આ દવા શ્વાસ સંબંધિત બીમારીઓમાં ઉપયોગમાં લેવાય છે. આ દવા ખાંસી અને છાતીમાં જકડણ અટકાવવા માટે પણ ઉપયોગમાં લેવાય છે.

શ્વાસ સંબંધિત બીમારીઓમાં ઉપયોગમાં લેવાતી દવા ઈપ્રાટ્રોપિયમનો સીલિંગ પ્રાઈસ ૨.૯૬ રૂપિયા પ્રતિ મિલીલીટર નક્કી કરવામાં આવ્યો હતો. આ જ રીતે હાઈ બ્લડ પ્રેશરની ઈમરજન્સી સ્થિતિમાં અથવા તેને કંટ્રોલ કરવા માટે અથવા હાર્ટ ફેલ અને સર્જરી દરમિયાન રક્તસ્ત્રાવ ઘટાડવા માટે સોડિયમ નાઈટ્રોપ્રસાઈડનો ઉપયોગ થાય છે. તેની કિંમત ૨૮.૯૯ રૂપિયા પ્રતિ મિલીલીટર નક્કી કરવામાં આવી હતી.

હાઈ બ્લડ પ્રેશર અને છાતીમાં દુખાવાના ઈલાજ માટે ડિલ્ટિયાઝેમનો ઉપયોગ થાય છે, જેની કિંમત ૨૬.૭૨ રૂપિયા પ્રતિ કેપ્સૂલ નક્કી કરવામાં આવી હતી. આ ઉપરાંત, પોવિડોન આયોડિનની કિંમત ૬.૨૬ રૂપિયા પ્રતિ ગ્રામ નક્કી કરવામાં આવી હતી, જેનો ઉપયોગ સર્જરી પહેલા અને પછી ત્વચા જંતુમુક્ત કરવા અને નાની ઈજાઓની સંભાળ માટે થાય છે.

જે દવાઓની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે તેમાં પેરાસિટામોલ, એટોરવાસ્ટેટિન, એમોક્સિસિલિન અને મેટફોર્મિનનો સમાવેશ થાય છે. અસરગ્રસ્ત દવાઓમાં એસિકલોફેનાક, પેરાસિટામોલ અને ટ્રિપ્સિન કાઈમોટ્રિપ્સિનનું મિશ્રણ છે, જેનો ઉપયોગ સોજા વિરોધી અને હૃદય સંબંધિત દવા તરીકે થાય છે, જે એટોરવાસ્ટેટિન ૪૦ મિલિગ્રામ અને ક્લોપિડોગ્રેલ ૭૫ મિલિગ્રામના સંયોજન રૂપે આવે છે. NPPA અનુસાર, સૂચિત કિંમતો GST-મુક્ત છે અને જરૂર પડે ત્યારે વધારાનો ચાર્જ પણ લેવામાં આવી શકે છે. NPPAએ રિટેલર્સ અને ડીલરોને નવી કિંમતો prominently દર્શાવવા માટે પણ કહ્યું છે અને જણાવ્યું છે કે નવા દરોનું પાલન ન કરવાથી DPCO અને આવશ્યક વસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ દંડનીય ગુનો થશે. તેમાં વ્યાજ સહિત વધારાની વસૂલાતની રકમની વસૂલાત પણ સામેલ હશે.

### કપિલ શર્મા ફાયરિંગ કેસમાં લોરેન્સ ગેંગસ્ટરે આપી ધમકી

## જે સલમાન સાથે કામ કરશે તેને મારી નાખવામાં આવશે

### કેનેડામાં કપિલ શર્માના રેસ્ટોરન્ટ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, લોરેન્સ ગ્રુપના ગેંગસ્ટર હેરી બોક્સરે આની જવાબદારી લીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા

કપિલ શર્માના કેનેડા રેસ્ટોરન્ટમાં ફરી એકવાર ગોળીબાર થયો છે. તે જ સમયે, લોરેન્સ ગ્રુપના ગેંગસ્ટર હેરી બોક્સરનો ઓડિયો સામે આવ્યો છે જેમાં તેણે ગોળીબારની જવાબદારી લીધી છે અને કહ્યું છે કે ગોળીબાર એટલા માટે કરવામાં આવ્યો હતો કારણ કે સલમાન ખાનને ઉદ્ઘાટન કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું અને જે કોઈ સલમાન સાથે કામ કરશે તેને મારી નાખવામાં આવશે.

કપિલ શર્માના રેસ્ટોરન્ટમાં પહેલા પણ ગોળીબાર થયો છે અને હવે ફરીથી ગોળીબાર થયો છે. હેરી બોક્સરે દાવો કર્યો છે કે આ હુમલો એટલા માટે કરવામાં આવ્યો હતો કારણ કે કપિલ શર્માએ નેટફ્લિક્સ શોના ઉદ્ઘાટનમાં સલમાન ખાનને આમંત્રણ આપ્યું હતું. તમને જણાવી દઈએ કે સલમાન ખાન ૨૧ જૂને નેટફ્લિક્સ પર પ્રીમિયર થયેલા 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના સીઝન ૩ ના પહેલા એપિસોડમાં દેખાયો હતો. ઓડિયોમાં, તેણે ચેતવણી આપી છે કે આગલી વખતે કોઈ પણ દિગ્દર્શક, નિર્માતા કે કલાકારને અગાઉથી ચેતવણી આપવામાં આવશે નહીં, પરંતુ સીધી છાતીમાં ગોળી મારવામાં આવશે. મુંબઈના તમામ કલાકારો અને નિર્માતાઓને ચેતવણી આપતા કહ્યું કે અમે મુંબઈનું વાતાવરણ એટલું બગાડીશું કે તમે કલ્પના પણ નહીં કરી શકો. જો કોઈ સલમાન ખાન સાથે કામ કરશે, પછી ભલે તે નાનો કલાકાર હોય કે દિગ્દર્શક, અમે તેને છોડીશું નહીં, અમે તેને મારી નાખીશું. તેમણે કહ્યું કે સલમાન ખાન સાથે કામ કરનાર કોઈપણ વ્યક્તિ તેના મૃત્યુ માટે જવાબદાર રહેશે. જોકે, એબીપી ન્યૂઝ આ ઓડિયોની પુષ્ટિ કરતું નથી. ૧૯૯૮માં બિશ્નોઈ સમુદાય દ્વારા પૂજાતા કાળા હરણની હત્યામાં સામેલ થવા બદલ સલમાન લોરેન્સ બિશ્નોઈના નિશાના પર છે. બિશ્નોઈ હાલમાં જેલમાં છે. તેણે ઘણી વખત સલમાન ખાનને મારી નાખવાની ધમકી આપી છે. ગયા વર્ષે પણ સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ગોળીબારની ઘટના બની હતી. ગુરુવારે, કેનેડાના સરેમાં કપિલ શર્માના કપ્સ કાફેને એક મહિના કરતાં ઓછા સમયમાં બીજી વખત નિશાન બનાવવામાં આવ્યું હતું. ઓછામાં ઓછી ૨૫ ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેનાથી બારીઓ તૂટી ગઈ હતી. જોકે, આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. પંજાબ પોલીસ અને NIA દ્વારા વોન્ટેડ બિશ્નોઈ ગેંગના સભ્ય ગોલ્ડી ધિલ્લોને સોશિયલ મીડિયા પોસ્ટમાં ગોળીબારની જવાબદારી સ્વીકારી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે ગોલ્ડી ઢિલ્લોન હાલમાં જર્મનીમાં રહે છે. પંજાબમાં તેની વિરુદ્ધ ખંડણી અને હત્યાના અનેક કેસ નોંધાયેલા છે. ૧૦ જુલાઈના રોજ કપિલ શર્માના રેસ્ટોરન્ટને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું, જેની જવાબદારી ભારતના મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓમાંના એક, બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (BKI) કાર્યકર્તા હરજીત સિંહ લાડીએ લીધી હતી.

### ઉત્તરકાશી દુર્ઘટના

## ISROએ જાહેર કરી ધરાલીમાં વાદળ ફાટ્યાની ધ્રૂજાવી દે તેવી તસવીરો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તરકાશી

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં ૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ આવેલા ભયાનક પૂરે ધરાલી અને હર્ષિલ ગામોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. ભારે વરસાદને કારણે આવેલા આ અચાનક પૂરમાં ઘરો, ઈમારતો, પુલો અને રસ્તાઓ તણાઈ ગયા, જ્યારે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. હવે ઈસરોના નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર (NRSC)એ સેટેલાઈટ તસવીરો દ્વારા થયેલા નુકસાનનું ઝડપી મૂલ્યાંકન કર્યું છે, જેમાં તબાહીની હદ સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ઉત્તરકાશીમાં ખાબકેલા ભારે વરસાદના કારણે ધરાલી અને હર્ષિલમાં અચાનક પૂર આવ્યું. આ પૂર એટલું પ્રચંડ હતું કે તે પોતાના પ્રવાહમાં માટી, પથ્થરો અને કાટમાળને સાથે ઢસડી ગયું, જેના કારણે બધું જ તબાહ થઈ ગયું. ઘરો નીચેથી જમીન ધસી ગઈ, રસ્તાઓ તૂટી ગયા અને અનેક લોકો લાપતા થયા. આ ઘટનાથી આખો વિસ્તાર સંપર્ક વિહોણો થઈ ગયો, જેના કારણે રાહત અને બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ આવી રહી છે.

ઈસરોના ઢ્ઈજીઝએ ભારતની કાર્ટોસૅટ-૨એસ સેટેલાઈટની હાઈ-રિઝોલ્યુશન તસવીરોનો ઉપયોગ કર્યો. તેમણે ૭ ઑગસ્ટ ૨૦૨૫ (આપત્તિ પછી)ની તસવીરોની સરખામણી ૧૩ જૂન ૨૦૨૪ (આપત્તિ પહેલા)ની તસવીરો સાથે કરી. આ વિશ્લેષણમાં કેટલીક ચોંકાવનારી વિગતો સામે આવી...

સેટેલાઈટ તસવીરોમાં નદીઓના માર્ગ પહોળા થતા અને તેમનો આકાર બદલાતો જોવા મળ્યો, જે માનવ વસવાટ અને માળખાકીય સુવિધાને થયેલા નુકસાનનો પુરાવો આપે છે.

ખીર ગાડ અને ભાગીરથી નદીના સંગમ સ્થળ પર આવેલા ધરાલી ગામમાં લગભગ ૨૦ હેક્ટર (૭૫૦ મીટર ૪ ૪૫૦ મીટર) વિસ્તારમાં માટી અને કાટમાળનો વિશાળ ઢગલો જમા થયો છે.

ઘણી ઈમારતો સંપૂર્ણપણે નાશ પામી છે અથવા માટીના પ્રવાહમાં ડૂબી ગઈ છે. ધરાલીમાં ઘણા ઘરો ઉપર માટી-કાટમાળ જમા થઈ ગયો છે, જે તેમને સંપૂર્ણપણે નષ્ટ કરી ચૂક્યો છે. આ તસવીરો રાહત અને બચાવ કામગીરીમાં મદદ કરી રહી છે. ફસાયેલા લોકો સુધી પહોંચવા અને તૂટેલા રસ્તાને જોડવા માટે આ ડેટાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આ ઘટના દર્શાવે છે કે હિમાલયના વિસ્તારોમાં વસાહતો હવે વધુ અસુરક્ષિત બની રહી છે. વૈજ્ઞાનિકો પૂરના કારણોને સમજવા માટે સંશોધન કરી રહ્યા છે. ભારે વરસાદ, ગ્લેશિયર પીગળવા અથવા ભૌગોલિક રચનામાં પરિવર્તન સહિત કયા કારણો કેટલા જવાબદાર છે તે દિશામાં ઊંડા સંશોધનો ચાલુ છે. આ માટે ક્લાઈમેટ ચેન્જ અને માનવીય ગતિવિધિ પણ જવાબદાર છે. નોંધનીય છે કે, સેટેલાઈટ તસવીરોથી મળેલી માહિતીથી સેના અને રાહત ટીમો ફસાયેલા લોકોને શોધવા અને રસ્તાને ફરીથી શરૂ કરવા પ્રયત્નશીલ છે. પરંતુ આ ઘટના આપણને ચેતવણી આપે છે કે હિમાલય જેવા વિસ્તારોમાં સાવચેતી રાખવી પડશે. ભવિષ્યમાં આવી તબાહીથી બચવા માટે અનિયોજિત બાંધકામ અને જંગલો કપાતા અટકાવવા જરૂરી છે.

### બંને નેતાઓ આગામી સપ્તાહે જ યુએઈમાં મળી શકે

## યુક્રેન યુદ્ધ પર ચર્ચા માટે ટ્રમ્પ અને પુતિન એકબીજાને મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

એકબીજાના ટીકાકાર અને દુશ્મન મનાતાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન ટૂંકમાં જ એકબીજાને મળશે. પુતિને આગામી સપ્તાહ દરમિયાન યુનાઈટેડ આરબ એમિરેટ્સ (યુએઈ) ખાતે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાતની શક્યતા વ્યક્ત કરી છે. જોકે વાટાઘાટો મામલે પહેલ અમેરિકા તરફથી કરવામાં આવી છે. આ વાટાઘાટોમાં ત્રણ વર્ષથી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને અટકાવવાની દિશામાં નક્કર પગલાં લેવાની ચર્ચા થઈ શકે છે. બીજી બાજુ યુદ્ધ અટકાવવા માટે ટ્રમ્પે રશિયાને આપેલી મુદત શુક્રવારે પૂરી થઈ રહી છે ત્યારે આગલા દિવસે આ જાહેરાત કરાઈ છે.પુતિનના વિદેશી બાબતોના સલાહકાર યુરી ઉશાકોવના જણાવ્યા મુજબ, આ મુલાકાત દરમિયાન યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીની ઉપસ્થિતિ નહીં હોય. વધુમાં યુરીએ કહ્યું હતું કે, આ વાટાઘાટો દરમિયાન ઝેલેન્સ્કીને હાજર નહીં રાખવા બાબતે અમેરિકાએ પણ હકારાત્મક જવાબ આપ્યો હતો.

યુક્રેન સાથે યુદ્ધ વિરામ પર ચર્ચા પહેલા ટ્રમ્પ સાથે વાટાઘાટોમાં મહત્ત્વના નિર્ણયો લેવાનું રશિયાનું આયોજન છે. ટ્રમ્પ-પુતિનની બેઠક સફળ રહેવાની અપેક્ષા રસિયાએ વ્યક્ત કરેલી છે. અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ સાથે આ બાબતે અગાઉ ચર્ચા થયેલી હતી અને યુએઈના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેલ અલ નાહયાન સાથે મુલાકાત બાદ પુતિને આ બેઠકની જાહેરાત કરી છે.ટ્રમ્પે યુક્રેન સાથેનું યુદ્ધ પૂરું કરવા આપેલી સમય મર્યાદા શુક્રવારે પૂરી થઈ રહી છે ત્યારે તેના આગલા દિવસે જ પુતિને ટ્રમ્પ સાથે મુલાકાતનો તખ્તો ઘડ્યો છે. જો કે આગામી સપ્તાહે યોજાનારી બેઠકના પગલે ટ્રમ્પે આપેલી સમયમર્યાદામાં ફેરફાર થશે કે પછી રશિયા પર પ્રતિબંધો લાગુ કરવામાં આવશે તે અંગે અમેરિકા તરફથી કોઈ સ્પષ્ટતા થઈ નથી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવાલે મોસ્કોની મુલાકાત દરમિયાન ગુરુવારે જણાવ્યું કે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન ટૂંક સમયમાં ભારતના પ્રવાસે આવશે. તેમની ભારત મુલાકાતની તારીખો નક્કી થઈ રહી છે તેમ સૂત્રોએ પુષ્ટિ કરતા કહ્યું હતું. પુતિનના ભારત પ્રવાસ માટે કોઈ ચોક્કસ તારીખ કે સમયગાળા પર ચર્ચા થઈ નથી. અગાઉ અહેવાલોમાં ઓગસ્ટના અંતે રશિયાના રાષ્ટ્રપતિ ભારત પ્રવાસે આવી શકે છે તેવો ઉલ્લેખ કરાયો હતો જે ખોટું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

અજિત દોવાલ મંગળવારે રશિયાના પાટનગર મોસ્કો પહોંચ્યા હતા અને ગુરુવારે તેમણે રશિયાના સુરક્ષા પરિષદના સચિવ સર્ગેઈ શોઈગુ સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. તેઓ મોડી રાત્રે રશિયાના પ્રમુખ પુતિનને પણ મળ્યા હતા. દોવાલ તેમજ રશિયાના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ઊર્જા તથા સંરક્ષણ સહયોગ તેમજ દ્વીપક્ષીય મુદ્દાઓ અને પુતિનની ભારત મુલાકાત અંગે વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી.

## ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફે હવે ગોલ્ડ માર્કેટ હચમચાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગોલ્ડ બાર પર ટેરિફ લાદવાનો નિર્ણય જાહેર કરતાં કિંમતી ધાતુના ભાવમાં આકર્ષક ઉછાળો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ગોલ્ડ ફ્યુચર્સ રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. જ્યારે સ્થાનિક બજારમાં પણ સોનું ૧,૦૪,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટી કુદાવી ગયું છે. ચાંદી પણ રૂ. ૧,૧૬,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહી છે. અમેરિકી મીડિયા અનુસાર, યુએસ કસ્ટમ્સે ૧ કિગ્રા અને ૧૦૦ ઔંસના ગોલ્ડ બારને ટેરિફ કેટેગરીમાં સામેલ કર્યા છે. આ નિર્ણય ખાસ કરીને સ્વિટ્ઝરલેન્ડ જેવા દેશોને પ્રભાવિત કરશે. જે વિશ્વમાં સૌથી ટોચનું ગોલ્ડ રિફાઈનિંગ હબ છે. સ્વિટ્ઝરલેન્ડે છેલ્લા એક વર્ષમાં અમેરિકામાં ૬૧.૫ અબજ ડોલરના સોનાની નિકાસ કરી હતી. ટ્રમ્પના આ પગલાંથી બેંક સેટલમેન્ટ અને ગોલ્ડ ટ્રેડમાં મુશ્કેલીઓ આવી શકે છે. જેના લીધે વૈશ્વિક બજારોમાં સોનાના ભાવોમાં તેજી જોવા મળી હતી. અમદાવાદમાં આજે સોનાનો ભાવ રૂ. ૮૦૦ ઉછળી રૂ. ૧,૦૪,૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યા હતા. જ્યારે ચાંદી રૂ. ૧,૧૬,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ રહી હતી.

### ફુલ કોર્ટ બેઠક બોલાવવા માગ

## સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે એકજૂટ થયા અલ્હાબાદ હાઈકોર્ટના ૧૩ જજ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ પ્રશાંત કુમાર સામે આપેલા આદેશથી ન્યાયતંત્રમાં અગવડતા અને વિરોધનું મોજું ફરી વળ્યું છે. અલ્હાબાદ હાઈકોર્ટના ઓછામાં ઓછા ૧૩ જજોએ ચીફ જસ્ટિસ અરુણ ભસાલીને પત્ર લખીને આ આદેશ સામે ફુલ કોર્ટ મીટિંગ બોલાવવાની માંગ કરી છે.

ચોથી ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બનેલી બેન્ચે એક ફોજદારી કેસમાં ન્યાયાધીશ પ્રશાંત કુમાર દ્વારા આપવામાં આવેલી સુનાવણી અને ચુકાદા પર કડક ટિપ્પણી કરી હતી.

હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને આદેશ આપ્યો હતો કે, 'જસ્ટિસ કુમારને ફોજદારી કેસોની સુનાવણીથી અલગ કરવામાં આવે. તેમને નિવૃત્તિ સુધી વરિષ્ઠ ન્યાયાધીશ સાથે ડિવિઝન બેન્ચમાં બેસવાની વ્યવસ્થા કરવામાં આવે.'જસ્ટિસ અરિંદમ સિંહાએ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને એક ઔપચારિક પત્ર લખીને સુપ્રીમ કોર્ટના આદેશ પર ઊંડો આઘાત અને વ્યથા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, 'ચોથી ઓગસ્ટનો આદેશ કોઈપણ સૂચના જારી કર્યા વિના પસાર કરવામાં આવ્યો હતો અને ન્યાયાધીશ પ્રશાંત કુમાર સામે ગંભીર ટિપ્પણીઓ કરવામાં આવી હતી.'

જસ્ટિસ સિંહાએ સૂચન કર્યું કે, 'ફુલ કોર્ટે નક્કી કરવું જોઈએ કે તે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરશે નહીં કારણ કે સુપ્રીમ કોર્ટનું હાઈકોર્ટની વહીવટી કાર્યવાહી પર કોઈ નિયંત્રણ નથી.' તેમણે એવો પણ પ્રસ્તાવ મૂક્યો કે કોર્ટે આદેશની ભાષા અને સ્વર પર પણ પોતાની નારાજગી નોંધાવવી જોઈએ.અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટના કેટલાક વરિષ્ઠ ન્યાયાધીશોએ પણ જસ્ટિસ પારડીવાલાની બેન્ચ દ્વારા જાહેર કરાયેલા નિર્દેશો સાથે પોતાનો અસંમતિ વ્યક્ત કરી છે. ખાસ વાત એ છે કે સુપ્રીમ કોર્ટે જસ્ટિસ પ્રશાંત કુમાર સંબંધિત કેસને ફરીથી સૂચિબદ્ધ કર્યો છે. આ કેસ ખાનગી કંપની મેસર્સ શિખર કેમિકલ્સ દ્વારા દાખલ કરાયેલી ફોજદારી ફરિયાદ સાથે સંબંધિત છે.

કંપનીએ ૫૨.૩૪ લાખ રૂપિયાનો થ્રેડ પૂરો પાડ્યો હતો, જેમાંથી ૪૭.૭૫ લાખ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા હતા. ફરિયાદીએ બાકીની રકમ અંગે ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી.

આના પર આરોપી પક્ષે ફોજદારી કેસનો અંત લાવવા માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. દલીલ કરી હતી કે આ કેસ એક ખાનગી વિવાદ છે અને તેને ખોટી રીતે ફોજદારી સ્વરૂપ આપવામાં આવ્યું છે.




# તંત્રી લેખ......

## બિહાર જેવી મતદારયાદી ઝુંબેશ આખા દેશમાં જરૂરી

કોઈ પણ લોકશાહીના પાયામાં નાગરિકોના મતાધિકારની ભૂમિકા હંમેશાં મહત્ત્વની બની રહે છે. ભારત જેવા મજબૂત લોકશાહી દેશમાં મતદારયાદીઓને સતત સુધારવાની કાર્યવાહી ભારે અનિવાર્ય છે. આમ તો ચૂંટણીપંચ મતદારયાદીઓને સુધારવાના મામલે સતત કાર્યરત રહે છે. આ માટે નવા મતદારો ઉમેરવા અથવા મૃત મતદારોનાં નામ યાદીમાંથી હટાવવાની આ કાર્યવાહી સમયાંતરે હાથ ધરાતી આવી છે, પણ તાજેતરના સમયમાં બિહારની મતદારયાદી સુધારવા હાથ ધરાઈ રહેલાં ખાસ અભિયાને રાજકીય વંટોળ સર્જ્યો છે. બિહારનો વિવાદ હજી વકરી રહ્યો છે ત્યાં પશ્ચિમ બંગાળની મતદારયાદીઓ તૈયાર કરવામાં ભારે લાપરવાહી સામે આવી રહી હોવાની હકીકતોએ ભારે ચિંતા જગાવી છે. એક તરફ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણીપંચ સામે આરોપોનો મોરચો ખોલીને ભારે ચકચાર જગાવી છે. ચૂંટણીપંચ પર મતદારયાદીઓમાં ગોટાળાના ગંભીર આરોપો કરીને તેમણે આખી ચૂંટણી પ્રક્રિયા સામે સવાલ ખડા કર્યા છે. તેમના આરોપોમાં સત્ય કેટલું તે સમજવાની કે તપાસની બાબત છે, પણ હાલે બિહારમાં મતદારયાદીઓ સુધારવાની ખાસ ઝુંબેશના વિવાદની વચ્ચે પશ્ચિમ બંગાળની યાદીઓ તૈયાર કરવામાં ખોટી રીતે નામો ઉમેરવાના મામલામાં ચાર મતદાર નોંધણી અધિકારીઓ સહિત પાંચ કર્મચારીને ફરજમોકૂફ કરાતાં આ મામલાની ગંભીરતા સામે આવી છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણીપંચની આ કાર્યવાહીથી સ્પષ્ટ છે કે, મતદારયાદીઓને સુધારવાની કામગીરીમાં ગોટાળાની આશંકાને નકારી શકાય તેમ નથી. ખેર તો આ યાદીઓમાં સુધારા કરતી વેળાએ નિયમો અને પંચની સૂચનાઓની અવગણના થાય તો ચૂંટણીની પ્રક્રિયાની સામે સવાલ ખડા થઈ શકે તેમ છે. બાંગલાદેશી ઘૂસણખોરોનાં નામ મતદારયાદીઓમાં ગેરકાયદે સમાવવા માટે કુખ્યાત પશ્ચિમ બંગાળમાં મતબેંકોને મજબૂત કરવા કોઈ પણ હદે ગોટાળા કરાતા હોવાની છાપ છે. હાલત એવી છે કે, બિહાર બાદ હવે ચૂંટણીપંચ જો બંગાળની મતદારયાદીઓને સુધારવાની ખાસ ઝુંબેશ હાથ ધરે તો ભારે રાજકીય ઘમસાણ સર્જાઈ શકે છે. લોકશાહીની ગરિમાને જાળવવા મતદારયાદીઓની પવિત્રતાને પ્રસ્થાપિત કરવાની અનિવાર્યતા સ્વીકાર્યા વગર તેનો વિરોધ કરવાનું જે રીતે બિહારમાં સામે આવ્યું છે તેનું પુનરાવર્તન બંગાળમાં પણ થઈ શકે છે. આમ તો ચૂંટણીપંચ દરેક રાજ્યમાં મતદારયાદી સુધારવાની કાર્યવાહી સતત હાથ ધરે છે, પણ યાદીની બારીકાઈભરી સમીક્ષા ભાગ્યે જ હાથ ધરાય છે. આનો લાભ લઈને રાજકીય પક્ષો તેમના બોગસ મતદારોનાં નામો આ યાદીઓમાં ઉમેરીને ચૂંટણીને યેનકેન પ્રકારે જીતવાની વેતરણમાં હોવાનું બિહારમાં હાથ ધરાઈ રહેલી ઝુંબેશના પ્રથમ તારણોમાં સામે આવ્યું છે. ચૂંટણીપંચે માત્ર બિહાર કે બંગાળ નહીં દેશના તમામ રાજ્યોમાં આવી ઝુંબેશ હાથ ધરવાનો સત્તાવાર ઈરાદો જાહેર કરીને આ કાર્યવાહી સામેના વિપક્ષી રોષને ઠંડો પાડવો જોઈએ.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૫૨ અને ચાંદીના વાયદામાં રૂ.૬૧૪ની વૃદ્ધિ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૪૫ સુધર્યો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૬૭૦.૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૮૪૩૯.૧૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૬૦૪.૭૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૬૩૬ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૩૧૧૧.૩૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૬૭૦.૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૮૪૩૯.૧૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૬૩૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૩૫૦.૧૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૬૦૪.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૯૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૨૨૫૦ અને નીચામાં રૂ.૧૦૧૪૫૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૧૪૬૮ના આગલા બંધ સામે રૂ.૨૫૨ વધી રૂ.૧૦૧૭૨૦ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૭૬ વધી રૂ.૮૧૨૩૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૨ વધી રૂ.૧૦૧૬૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૬ વધી રૂ.૧૦૧૧૩૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૧૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૧૭૦૩ અને નીચામાં રૂ.૧૦૧૧૫૨ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦૯૪૪ના આગલા બંધ સામે રૂ.૨૭૬ વધી રૂ.૧૦૧૨૨૦ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૪૬૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૫૮૭૬ અને નીચામાં રૂ.૧૧૪૬૪૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૪૨૮૬ના આગલા બંધ સામે રૂ.૬૧૪ વધી રૂ.૧૧૪૯૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૫૫૬ વધી રૂ.૧૧૪૬૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૬૦૨ વધી રૂ.૧૧૪૫૯૭ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૨૫૦.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૫૯ અને નીચામાં રૂ.૪૪૫૫ના સ્તરને સ્પર્શી, રૂ.૩ ઘટી રૂ.૪૪૫૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૬૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૫૯ અને નીચામાં રૂ.૫૫૪૭ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૦૪ના આગલા બંધ સામે રૂ.૪૫ વધી રૂ.૫૬૪૯ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪૦ વધી રૂ.૫૬૪૭ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ ૧૦ પૈસા વધી રૂ.૨૬૮.૮ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૨૦ પૈસા વધી રૂ.૨૬૮.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૫૫.૩ના ભાવે ખૂલી, રૂ.૧૫.૪ વધી રૂ.૯૭૦.૮ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૫૪૮૨.૮૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૧૨૧.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૨૮.૮૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૦.૯૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫.૦૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૫.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૫૦.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૯૬.૧૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૯૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૦૨૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૧૭૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૧૨૨૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૬૯૫૨૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૫૮૦૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૮૪૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૧૦૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૬૨૦૧૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૨૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૮૯૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૧૧૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૬૮૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૭૫૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૬૩૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૯ પોઈન્ટ વધી ૨૩૬૩૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭ વધી રૂ.૧૩૮.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા ઘટી રૂ.૧૨.૬ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૮ વધી રૂ.૧૪૫૪ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૨૮ વધી રૂ.૨૩૩૪.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૭ વધી રૂ.૧૦.૯૪ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭.૧ વધી રૂ.૧૪૦ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૧૨.૭૫ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૪.૫ વધી રૂ.૧૦૪૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૩.૫ વધી રૂ.૧૬૮૦ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨.૧ ઘટી રૂ.૯૨.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૧૩.૬૫ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩ ઘટી રૂ.૮૦૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૮ ઘટી રૂ.૨૪૫૦ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૨૫ ઘટી રૂ.૬.૬૧ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૭ પૈસા ઘટી રૂ.૧.૫ થયો હતો.

અમદાવાદ વિમાન દુર્ઘટનાને લઈને મોટા સમાચાર

# વિમાન દુર્ઘટનાના પીડિતોના પરિવારો અમેરિકાની કોર્ટમાં કરશે અરજી

## પીડિતોએ આ અકસ્માત માટે બોઈંગ કંપનીને જવાબદાર ઠેરવી છે અને કહ્યું છે કે, તપાસમાં પારદર્શિતા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે એક મોટું અને નવું અપડેટ સામે આવ્યું છે. અકસ્માતમાં જીવ ગુમાવનારા ૬૦ મૃતકોના પરિવારો હવે અમેરિકાની કોર્ટનો દરવાજો ખટખટાવશે. પીડિતોએ ક્રેશ થયેલા વિમાનના નિર્માતા બોઈંગ કંપની સામે અરજી દાખલ કરવાની જાહેરાત કરી છે. આ માટે અમેરિકાના પ્રખ્યાત વકીલ માઈક એન્ડ્રૂઝને રાખવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં, બોઈંગ કંપનીની મુશ્કેલીઓ વધી શકે છે, કારણ કે કંપની પહેલાથી જ તપાસ હેઠળ છે.

**US** કોર્ટમાં અરજી દાખલ કરવાનો પીડિતોનો હેતુ અકસ્માતની સ્વતંત્ર તપાસ કરાવવાનો છે. પીડિતોનું કહેવું છે કે, ક્યાંક કંપની અને તેમના વિમાનની ખામીઓ અકસ્માત માટે જવાબદાર છે. તેથી, કંપનીએ પણ આ અકસ્માતની જવાબદારી લેવી જોઈએ. પીડિતોએ કોકપીટ વોઈસ રેકોર્ડર અને ફ્લાઈટ રેકોર્ડરના ડેટાની માંગણી કરતી અરજી દાખલ કરવાની જાહેરાત કરી છે, કારણ કે તેઓ પોતાના સ્તરે ડેટાની તપાસ કરાવીને સત્ય શોધવા માંગે છે.

વકીલ માઈક એન્ડ્રૂઝ કોણ છે?જણાવી દઈએ કે, માઈક એન્ડ્રૂઝ બીસલી એલન લો ફર્મમાં કાર્યરત છે અને તેમની ગણતરી ટોચના ૧૦ ઉડ્ડયન વકીલોમાં થાય છે. તેઓ ગંભીર ઈજા અને અકુદરતી મૃત્યુના કેસોમાં નિષ્ણાત છે. તેમણે ફોર્ડ અને ફોક્સવેગન સહિત ઘણી વિમાન, ટ્રક, કાર ઉત્પાદક કંપનીઓ સામે કેસ લડ્યા છે. તેમણે વર્ષ ૨૦૧૯ માં ઈથોપિયન એરલાઈન્સ દુર્ઘટનાના ભોગ બનેલા લોકોના પરિવારોનો કેસ લડ્યો હતો. તે અકસ્માતમાં પણ બોઈંગ કંપનીનું ૭૩૭ મેક્સ વિમાન ક્રેશ થયું હતું. જણાવી દઈએ કે, માઈક એન્ડ્રૂઝ બીસલી એલન લો ફર્મમાં કાર્યરત છે અને તેમની ગણતરી ટોચના ૧૦ ઉડ્ડયન વકીલોમાં થાય છે. તેઓ ગંભીર ઈજા અને અકુદરતી મૃત્યુના કેસોમાં નિષ્ણાત છે. તેમણે ફોર્ડ અને ફોક્સવેગન સહિત ઘણી વિમાન, ટ્રક, કાર ઉત્પાદક કંપનીઓ સામે કેસ લડ્યા છે. તેમણે વર્ષ ૨૦૧૯ માં ઈથોપિયન એરલાઈન્સ દુર્ઘટનાના ભોગ બનેલા લોકોના પરિવારોનો કેસ લડ્યો હતો. તે અકસ્માતમાં પણ બોઈંગ કંપનીનું ૭૩૭ મેક્સ વિમાન ક્રેશ થયું હતું. ૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં૧૭૧ ક્રેશ થઈ હતી. બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાને અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. આ ફ્લાઈટ લંડનના ગેટવિક એરપોર્ટ પર ઉતરવાની હતી, પરંતુ ટેકઓફ થયાના ૩૨ સેકન્ડમાં જ પ્લેન મેઘાણી નગર વિસ્તારમાં આવેલી બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલ બિલ્ડિંગ પર ક્રેશ થયું હતું.

તે પડતાની સાથે જ પ્લેનમાં ભીષણ આગ લાગી હતી અને પ્લેનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૨૯ મુસાફરો અને ૧૨ ક્રૂ સભ્યોના મોત થયા હતા. જેમાં, સીટ ૧૧૭ પર બેઠેલા મુસાફર વિશ્વાશકુમાર રમેશ ભાગ્યશાળી હતા કે, તેઓ બચી ગયા કારણ કે પ્લેન પડી જતાં તે દરવાજામાંથી કૂદી ગયો હતો. આ અકસ્માતમાં જમીન પર રહેલા ૧૯ લોકોએ પણ જીવ ગુમાવ્યા હતા. આ અકસ્માતમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ મોત થયું હતું. કુલ ૬૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. વિમાન દુર્ઘટનાની તપાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો ઓફ ઈન્ડિયા **(AAIB)** દ્વારા કરવામાં આવી હતી, જેણે ૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ અકસ્માતનો પ્રારંભિક તપાસ અહેવાલ બહાર પાડ્યો હતો. અહેવાલમાં જાણવા મળ્યું હતું કે, ફ્લાઈટ ઉડાન ભર્યાના ૩ સેકન્ડની અંદર, વિમાનના બંને એન્જિનના ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ રન મોડથી કટ ઓફ મોડમાં ગયા હતા, જેના કારણે બંને એન્જિનને ફ્યુઅલ સપ્લાય મળ્યો ન હતો અને વિમાન નીચે પડવા લાગ્યું હતું. પાઈલટ્સ નિયંત્રણ કરી શક્યા નહીં અને વિમાન ક્રેશ થયું હતું.

આ કેસમાં **AAIB**, બોઈંગ કંપની અને યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફટી બોર્ડ **(NTSB)** તપાસમાં **AAIB** ને સહયોગ આપી રહ્યા છે. વિમાનના બંને બ્લેક બોક્સ (ફ્લાઈટ ડેટા રેકોર્ડર અને કોકપીટ વોઈસ રેકોર્ડર) મળી આવ્યા છે.

## અભિનેત્રી હુમા કુરેશીના પિતરાઈ ભાઈની હત્યા કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બોલિવૂડ અભિનેત્રી હુમા કુરેશીના ભાઈની હત્યાનો સીસીટીવી વીડિયો સામે આવ્યો છે, જેમાં યુવાનો આસિફને ગાળો આપતા અને હુમલો કરતા જોઈ શકાય છે.

વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બે યુવાનો આસિફને ધક્કો મારી રહ્યા છે. તેઓ તેને નીચે પાડી દે છે અને લોકો પણ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ દરમિયાન એક આરોપી આસિફને નીચે પાડે છે. આસિર ઉભા થવાનો પ્રયાસ કરે છે પરંતુ યુવક તેના પર હુમલો કરે છે. ઘટનાસ્થળે જોરથી બૂમો પાડવા અને લડાઈના અવાજો પણ સંભળાઈ રહ્યા છે.

હિમાચલ પ્રદેશના ચંબામાં મોટી દુર્ઘટના

# કાર ઊંડી ખીણમાં ખાબકતાં ૬ લોકોના દર્દનાક મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ગુરુવારે મોડી રાત્રે થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં છ લોકોના દુઃખદ મોત થયા છે. આ અકસ્માત ચુરાહ સબડિવિઝનના ભંજરાડુ-શાહવા-ભડકવાસ રોડ પર થયો હતો, જ્યાં એક કાર બેકાબુ થતાં ઊંડી ખાડામાં પડી ગઈ હતી.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર કારમાં કુલ છ લોકો મુસાફરી કરી રહ્યા હતા, જેમાં બે પુરુષો, બે મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે. અકસ્માત એટલો ગંભીર હતો કે બધાના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. કહેવાય છે કે શાહવા નજીક કાર અચાનક બેકાબુ થઈ અને ઊંડી ખીણમાં ખાબકી ગઈ. હાલમાં વહીવટીતંત્ર અકસ્માતના કારણોની તપાસ કરી રહ્યું છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, 'ચંબા જિલ્લાના ટીસાના ચાનવાસમાં કાર અકસ્માતમાં ૬ લોકોના મોતના સમાચાર અત્યંત દુઃખદ અને પીડાદાયક છે.' મુખ્યમંત્રીએ લખ્યું કે, 'શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મૃતકોના આત્માને શાંતિ આપે અને આ દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારને ધીરજ અને શક્તિ આપે.'

# જમીનનુ યોગ્ય વળતર નહી મળે તો ગાંધીનગર સુધી પહોચી જઈશુ: બનાસકાંઠા ધરતી પુત્રોની ચીમકી: જમીનનુ પુરતુ વળતર નથી આપી રહી સરકાર: ભાજપનુ નામ બદલી ભ્રષ્ટાચાર પાર્ટી રાખો : ગેનીબેન ઠાકોર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લામાં કેન્દ્ર સરકારના ડ્રીમ પ્રોજેકટ ભારતમાલા સામે વિરોધ ઉભો થયો છે. ભારતમાલા એકસપ્રેસ હાઈવે માટેની જમીન સંપાદનમાં કાંકરેજ, દિયોદર, લાખણી અને થરાદ તાલુકાના ખેડુતોને ઓછુ વળતર મળતુ હોવાના આક્ષેપો સાથે ખેડુતોએ સરકાર સામે મોરચો માંડયો છે. આજે શુક્રવારે બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં ચારેય તાલુકાના ખેડુતો એકઠા થયા હતા અને ચડોતર ગામ નજીકથી ખેડુતોએ રેલી સ્વરૂપે પાલનપુર કલેકટર કચેરી ખાતે પહોચી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી પુરતુ વળતર આપવાની માંગ કરી હતી. જો ટુંક સમયમાં જ ખેડુતોને પોતાની મહામુલી જમીનનુ પુરતુ વળતર નહી મળે તો ગાંધીનગર સુધી કુચ સાથે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

કેન્દ્ર સરકારનો ડ્રીમ પ્રોજેકટ ભારતમાલા એકસપ્રેસ હાઈવે ને લઈને બનાસકાંઠા જિલ્લામાં થરાદ થી અમદાવાદ વચ્ચે ભારતમાલા હાઈવેની કામગીરીની શરૂઆત થઈ છે. ભારતમાલા એકસપ્રેસ હાઈવે ને લઈ જમીન સંપાદન થઈ રહી છે. જેમાં જે ખેડુતોની મહામુલી જમીન સંપાદીત થઈ રહી છે તે જમીનના ખેડુતોને પુરતા ભાવ નથી મળી રહ્યા, ખેડુતોના આક્ષેપ છે કે ખેડુતોને પ્રતિ ચો.મીટરે માત્ર રૂપીયા ૨૦ થી ૨૨ ના ભાવ મળી રહ્યા છે જયારે ખેડુતોની નજીક જ બિલ્ડરો અને વેપારીઓની એન એ કરેલી જમીનના પ્રતિ ચો.મીટરે ૪ હજાર થી ૪૫૦૦ રૂપીયા ભાવ મળી રહ્યા છે. જેને લઈ ખેડુતોમાં રોષ ભભુકયો છે જો કે સંપાદીત થતી ખેતરની જમીનનુ પુરતુ વળતર મેળવવા ખેડુતોએ સ્થાનિક કક્ષાએ અનેક વખત રજુઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા રોષે ભરાયેલા કાંકરેજ, દિયોદર, લાખણી અને થરાદ વિસ્તારના ખેડુતો આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના ચડોતર ગામ નજીક એકઠા થયા હતા. મોટી સંખ્યામાં એકઠા થયેલા ખેડુતોએ પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો અને રેલી સ્વરૂપે ચડોતર થી પાલનપુર જિલ્લા કલેકટર કચેરી સુધી ૪ કિ.મી. સુધીની રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતું.




ભારતમાલા એકસપ્રેસ હાઈવેમાં સંપાદીત થતી જમીનનુ પુરતો બજાર ભાવ અને નવી જંત્રી અનુસાર વળતર આપવા માંગ કરી હતી. જો ખેડુતોને પુરતુ વળતર નહી મળે તો આગામી દિવસોમાં ખેડુતોએ પાલનપુર થી લઈ ગાંધીનગર સુધી આખા ગુજરાતના ખેડુતોને સાથે રાખી ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. જો કે ખેડુતની નિકળેલી આ રેલીમાં વિપક્ષ પણ સાથે રહ્યુ હતું.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ના આગેવાનો પણ ખેડુતોની સાથે જિલ્લા કલેકટર કચેરી પહોચ્યા હતા અને રજુઆત કરી હતી. તેમજ ખેડુતોને પુરતા ભાવ આપવા રજુઆત કરી હતી. જેમાં (૧) આ વિશે કોંગ્રેસના નેતા લાલજી દેસાઈએ કહ્યુ હતુ કે સરકાર ખેડુતોની મહામુલી જમીન પાણી ના ભાવે લઈ રહી છે (૨) ખેડુત આગેવાન દોલાભાઈ ખાગડાએ જણાવ્યુ હતુ કે સરકાર ખેડુતને ફોસલાવવા બેઠી છે, સરકારની આ નીતિ નો અમે ખેડુતો વિરોધ કરી રહ્યા છીએ (૩) એક ખેડુત વાસુદેવભાઈનુ કહેવુ છે કે અમારી બાજુમાં જ જમીનો રાતોરાત એનએ થઈ ગઈ છે અને એમણે ડબલ ભાવો મળી ગયા , અમારી જમીનની કંઈ કિંમત જ નહી (૪) અન્ય ખેડુત સરદારભાઈએ જણાવ્યુ હતુ કે અમારી મહામુલી જમીન સરકારની આ નીતીને કારણે જઈ રહી છે અમને પુરતા ભાવ મળતા નથી અમે મરી જઈશુ, (૫) ખેડુત આગેવાન અમરાભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ખેડુતોની મહામુલી જમીન સરકાર પાણી અને છાશના ભાવે લઈ રહી છે.

ભારતમાલા એકસપ્રેસ હાઈવે માં ખેડુતોને ઓછુ વળતર ચુકવવા મામલે સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યુ હતુ કે ભાજપનુ નામ ભારતીય જનતા પાર્ટીના બદલે ભારતીય ભ્રષ્ટાચાર પાર્ટી રાખ્યુ હોત તો બંધ બેસતુ વર્તમાન સમયમાં આવે છે. થરાદ થી અમદાવાદ સુધીના ભારતમાલા એકસપ્રેસ હાઈવેનુ જાહેરનામુ પડયા પહેલા ભાજપના નેતાઓ અને બિલ્ડરોએ ખેડુતોની જમીન સસ્તા ભાવે ખરીદી લીધી, જમીનો ખરીદ્યા બાદ સરકારી અધિકારીઓએ તેમને બિનખેતી કરવા માટેનો પુરો મોકો આપ્યો, થરાદ, લાખણી, દિયોદર અને કાંકરેજના ખેડુતોની જે ૧૫૦૦ વિઘા જમીન થાય છે તેમને તેનુ ૫૦ કરોડ વળતર જ મળી રહ્યુ છે. તો સામે બિલ્ડરો અને ભાજપના નેતાઓએ જ જે ૭૦ વિઘા જમીન બિનખેતી કરાવી તેમને ૩૫૦ કરોડ રૂપીયા મળી રહ્યા છે.

ગેનીબેને વધુમાં કહ્યુ કે ભારતમાલા રોડ માં અધિકારીઓ, ભાજપના લોકો મળીને ૩ થી ૪ હજાર કરોડનો ભ્રષ્ટાચાર કરવા જઈ રહ્યા છે. અમે ખેડુતોને ન્યાય અપાવવા માટે સડક થી લઈને સંસદ સુધી લડીશુ, ભાજપના જે નેતાઓએ ભ્રષ્ટાચાર કર્યો છે તેમના નામ અમે જાહેરમાં રજુ કરીશુ, ખેડુતો માટે જો જરૂર પડે તો અમે હાઈકોર્ટમાં જઈશુ, ગેનીબેન ઠાકોરે ખેડુતોને જમીન સંપાદનનુ પુરતુ વળતર આપવા અને તેમાં થયેલ ગેરરીતીઓ દુર કરવા ભારત સરકારના સડક પરીવહન અને રાજયમંત્રી નિતીન ગડકરીને પણ પત્ર લખ્યો છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### રાખડીના તાંતણે ગૂંથાઈ આત્મનિર્ભરતાની નવી ગાથા !!!

# ગુજરાતના ૧૫૦થી વધુ સ્વ-સહાય જૂથની ૧૫,૦૦૦થી વધુ બહેનોએ રાખડી બનાવીને આવકનો નવો સ્ત્રોત ઊભો કર્યો

## ગાંધીનગર જિલ્લાના જય ગજાનંદ મિશન મંગલમ સખીમંડળની પ્રત્યેક બહેનોએ ફુરસતના સમયમાં રાખડી બનાવીને વાર્ષિક રૂ. ૭૨,૦૦૦ની આવક મેળવી



ભારતીય સંસ્કૃતિમાં પવિત્ર શ્રાવણને તહેવારના મહિના તરીકે ઓળખવામાં આવે છે. ભાઈ-બહેનના અતૂટ પ્રેમને ઉજવવાનો તહેવાર, રક્ષાબંધન પણ આ પવિત્ર મહિના દરમિયાન જ આવે છે. આ દિવસે બહેનો તેમના ભાઈના કાંડા પર રક્ષાસૂત્ર એટલે કે, રાખડી બાંધીને તેમની રક્ષા માટે પ્રાર્થના કરે છે. ગુજરાતમાં રક્ષાબંધનનો તહેવાર સ્વ-સહાય જૂથની અનેક બહેનોના આત્મનિર્ભરતા અને સશક્તિકરણની ગાથા બની રહ્યો છે. રાજ્ય સરકારના પ્રોત્સાહનથી રક્ષાબંધન નિમિત્તે રાજ્યના અનેક સ્વ-સહાય જૂથની બહેનો અવનવી ડીઝાઈનની રાખડીઓ બનાવીને અને તેનું વેચાણ કરીને આત્મનિર્ભર બની રહી છે.

માત્ર હાથથી બનાવેલી રાખડી જ નહિ, પરંતુ રક્ષાબંધન તહેવારને અનુરૂપ ગિફ્ટ હેમ્પર્સ પણ બનાવે છે. જેમાં આ બહેનો રાખડી, મીઠાઈ, કંકાવટી, આરતીની સુશોભિત થાળી જેવી વિવિધ વસ્તુઓનો સમાવેશ કરે છે. ગુજરાતભરના ૧૫૦થી વધુ સ્વ-સહાય જૂથની આશરે ૧૫,૦૦૦થી વધુ બહેનો રાખડી અને ગિફ્ટ હેમ્પર્સ બનાવીને તેનું રીટેઈલ અને હોલસેલ વેચાણ કરીને સન્માનજનક આવક મેળવી રહી છે. આ બહેનો દ્વારા હાથથી બનાવવામાં આવતી આ રાખડીમાં સાડી, કપડાના ટુકડા, માટી, શણ, છાણ જેવી ઈકો ફ્રેન્ડલી ચીજ-વસ્તુઓનો સમાવેશ કરીને તેને સ્થાનિક સ્થાનિક કલાથી શણગારવામાં આવે છે. સ્થાનિક વસ્તુઓથી બનેલી આ રાખડી બજાર ભાવની તુલનાએ સસ્તી અને ભાવનાત્મક રીતે જોડાયેલી હોવાથી તેનું સ્થાનિક બજાર, સરસ મેળા, સ્કૂલો, ઓફિસો અને વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પર ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ રાખડીઓ માત્ર સુતરનો તાંતણો નથી, પણ આ બહેનોના સપના, મહેનત અને આશાનું પ્રતીક છે. રાખડી બનાવતી સ્વ-સહાય જૂથની બહેનોને વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓમાં "રાખી મેળા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ રાખી મેળામાં રાખડીઓની સાથે સખી મંડળની બહેનો દ્વારા તહેવાર માટે તૈયાર કરાયેલી મીઠાઈઓ, આરતીની સુશોભીત થાળી, કંકુ અને ચોખા માટે ડેકોરેટિવ કંકાવટી, ફરાળી તેમજ અન્ય નાસ્તાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.

:ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ:

ગુજરાતના અનેક ગામોમાં એવી ઘણી મહિલાઓ હતી, જેમની પાસે કલા અને સર્જનશીલતા હતી પરંતુ તેઓ ઘરકામ સિવાય અન્ય કોઈ આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલી ન હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારના પ્રોત્સાહનથી હવે આવી મુઠ્ઠી ઉંચેરી મહિલાઓ માટે સ્વ-સહાય જૂથ આશાનું કિરણ બન્યું છે. સ્વ-સહાય જૂથો સાથે જોડાઈને ગુજરાતની અનેક મહિલાઓ આજે સ્વનિર્ભર બની છે. રાજ્ય સરકારે સ્વ-સહાય જૂથોને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ પણ કાર્યરત કરી છે.

ગાંધીનગરના શેરથા ગામનું "જય ગજાનંદ મિશન મંગલમ સખીમંડળ"

ગાંધીનગર જિલ્લાના શેરથા ગામમાં કાર્યરત 'જય ગજાનંદ મિશન મંગલમ' સ્વ-સહાય જૂથની બહેનો સમગ્ર વર્ષ દરમિયાન રાખડીઓ બનાવે છે. તહેવારના સમયમાં જૂથનાં જ એક બહેન પોતાની કટલરીની દુકાનમાં આ રાખડીઓનું વેચાણ કરે છે. જ્યારે, બાકીના સમયમાં રાખડીઓનું હોલસેલ માર્કેટમાં વેચાણ કરવામાં આવે છે. ઘરે બેઠા પોતાના ફુરસતના સમયે રાખડી બનાવીને આ સખી મંડળની પ્રત્યેક બહેનો પ્રતિમાસ ઓછામાં ઓછી રૂ. ૬,૦૦૦ અને વાર્ષિક રૂ. ૭૨,૦૦૦ જેટલી આવક મેળવીને આત્મનિર્ભર બની છે.

નવસારીના ધકવાડા ગામનું "રામદેવપીર સખીમંડળ"

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ધકવાડા ગામના "રામદેવપીર સખીમંડળ" સાથે જોડાયેલી બહેનો છેલ્લાં બે વર્ષથી માત્ર રક્ષાબંધનના તહેવાર નિમિત્તે રાખડી બનાવીને તેનું વેચાણ કરે છે. આ સખી મંડળની બહેનો રક્ષાબંધન નિમિત્તે માત્ર રાખડીના વેચાણથી જ વર્ષે રૂ. ૧૨,૦૦૦ સુધીની વધારાની આવક મેળવી રહ્યા છે. આ સખી મંડળની બહેનો દ્વારા રાખડી સિવાય હેન્ડમેઈડ જ્વેલરી, તોરણ, કપડાં જેવી અન્ય વસ્તુઓ પણ બનાવે છે. રામદેવપીર સખીમંડળના પ્રમુખ શ્રી હિરલબેનના જણાવ્યા મુજબ ભારત સરકારની "વન સ્ટેશન, વન પ્રોડક્ટ" કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લાના રેલ્વે સ્ટેશન ખાતે તાજેતરમાં જ રાખડીના વેચાણ માટે સ્ટોલ ઉભો કરવામાં આવ્યો છે. આ સ્ટોલનું સમગ્ર સંચાલન અને રાખડીનું વેચાણ રામદેવપીર સખીમંડળ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેનાથી રક્ષાબંધનના તહેવારને અનુલક્ષીને સખીમંડળની બહેનોને સારી આવક થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા મહિલા સ્વ-સહાય જૂથોને ફંડ અને સહાય ઉપરાંત આજીવિકાલક્ષી પ્રવૃતિઓની તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. સાથે જ, બેંકો સાથે જોડાણ કરવામાં, ઉત્પાદનોની ગુણવત્તા સુધારવામાં તથા બજારની માંગ મુજબ વસ્તુઓ બનાવવામાં પણ મદદ કરે છે. આ પ્રયાસોથી બહેનોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય બજાર મળે છે અને તેઓ સારી કમાણી કરી શકે છે.

- નિતિન રથવી

### 'વિશ્વ સિંહ દિવસ'-૨૦૨૫:

# ગુજરાતમાં આવેલું 'બરડા વન્યજીવ અભયારણ્ય': એશિયાટિક સિંહ માટેનું વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક સંરક્ષણ રહેઠાણ

'બરડા વન્યજીવ અભયારણ્ય', જેને સ્થાનિકોમાં 'બરડો' તરીકે ઓળખવામાં આવે છે, આ સ્થળ ગુજરાતના પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં આવેલા અતિમહત્વપૂર્ણ જૈવવિવિધતાવાળા પ્રદેશોમાંથી એક છે. વર્ષ ૧૯૭૯માં અભયારણ્ય તરીકે જાહેર થયેલું બરડા, ભૂતકાળમાં પોરબંદર અને જામનગર રાજવંશોનું શિકાર ક્ષેત્ર હતું. આજે તે એશિયાટિક સિંહના સંરક્ષણ માટે વિકસાવવામાં આવેલા વ્યાપક દ્રષ્ટિકોણ હેઠળનું મહત્વપૂર્ણ રહેઠાણ બની ગયું છે.

'એશિયાટિક સિંહ' એ ગુજરાત અને ભારતની શાન છે, ગુજરાતના એશિયાઈ સિંહ રાજ્યનું ઘરેણું છે. ભૌગોલિક પરિસ્થિતિ-આબોહવાની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ વન્ય પ્રાણી સંરક્ષણના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના કાળજીભર્યા સાતત્યપૂર્ણ અભિગમથી જ સિંહનું સંખ્યાબળ ઉત્તરોત્તર વધ્યું છે.

દર વર્ષે તા. ૧૦ ઓગસ્ટે ગુજરાત સહિત વિશ્વભરમાં 'વિશ્વ સિંહ દિવસ' ઉજવવામાં આવે છે. એશિયાટિક સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે વન મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં વ્યાપક અને પરિણામલક્ષી પગલા સતત લેવાઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૦૧માં સિંહની સંખ્યા ૩૨૭, વર્ષ ૨૦૦૫માં ૩૫૯, વર્ષ ૨૦૧૦માં ૪૧૧, વર્ષ ૨૦૧૫માં ૫૨૩ અને વર્ષ ૨૦૨૦માં ૬૭૪ હતી તે હવે વર્ષ ૨૦૨૫માં વધીને ૮૯૧ થઈ છે.

બરડો અભયારણ્ય લગભગ ૧૯૨.૩૧ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું છે. તેમાં પથરાયેલા ડુંગરો, ઋતુગત નદીઓ, ઉચ્ચપ્રદેશ, પાનખર જંગલો, વાંસના ઝાડ તથા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો સામેલ છે.

કિલગંગા અને ઘોડાદરા જેવી નદીઓ તેમજ આભાપરા અને વેણુ ટેકરીઓ બરડાની ભૌગોલિક ઓળખ બનાવે છે.

પર્યાવરણીય મહત્વ :

અહી ૬૫૦થી વધુ વનસ્પતિઓની જાતિઓ નોંધાયેલી છે, જેમાં ઔષધીય છોડ, શાકાહારી ઘાસ અને ઈમારતી વૃક્ષોનો સમાવેશ થાય છે . આ ઉપરાંત, અહીંની જીવસૃષ્ટિમાં ચિતલ, સાંભર, નિલગાય, જંગલી ભૂંડ, શાહુડી, ઝરખ અને દિપડા નિયમિત પણે જોવા મળે છે. સાથે ગીધ, ગરુડ અને સ્થળાંતર કરનાર જળચર પક્ષીઓ સહિત ૨૬૦ થી વધુ પ્રજાતિઓ પણ અહી જોવા મળેલ છે જે શાકાહારી તથા માંસાહારી પ્રાણીઓ એમ બંને માટે ઉપયોગી નિવાસ સ્થાન બનાવે છે.

સિંહની પુનઃસ્થાપના – કુદરતી વસવાટ અને વ્યવસ્થિત પુનઃપ્રસ્તાવના :

વર્ષ ૧૮૭૯ બાદ બરડામાંથી એશિયાટિક સિંહ લુપ્ત થઈ ગયા હતા. **Habitat** અને **Prey Availability** (શિકાર પ્રાણીઓની હાજરી) સુધારવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં જટિલ વિજ્ઞાન આધારિત વ્યવસ્થાઓ અમલમાં મૂકાઈ છે. તેના પરિણામે, વર્ષ ૨૦૨૩માં એક પુખ્ત નર સિંહ કુદરતી રીતે બરડામાં પ્રવેશી સ્થાયી થયો.

સ્વનિર્ભર સિંહ સમૂહ વિકસે તે માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન હેઠળના કાર્યક્રમમાં ગુજરાત વન વિભાગ દ્વારા વિસ્તૃત આરોગ્ય તપાસણીઓ અને વર્તણૂક મૂલ્યાંકન બાદ પાંચ પુખ્ત માદા સિંહને બરડા વિસ્તારમાં સ્થળાંતરીત કરવામાં આવી. આ સુઆયોજિત પ્રજાતિ મજબૂતીકરણ (species reinforcement)ના પગલે કુદરતી રીતે બચ્ચા જન્મ્યા અને એક નાનું પ્રાઈડ વિકસ્યું. છેલ્લી વર્ષ ૨૦૨૫ની ગણતરી મુજબ બરડામાં કુલ ૧૭ સિંહોની હાજરી નોંધાઈ હતી. આ પ્રમાણને આધારે બરડાને પ્રોજેક્ટ લાયન હેઠળ સેટેલાઈટ પોપ્યુલેશન – ૮ તરીકે જાહેર કરવામાં આવ્યું, જે સંપૂર્ણ રીતે રક્ષિત વિસ્તારમાં **(PrOected Area)** વસેલી પહેલે સેટેલાઈટ વસાહત બની.

માલધારી સમુદાય અને સહઅસ્તિત્વનું મોડેલ :

અભયારણ્યના આંતરિક વિસ્તારોમાં લગભગ ૧૨૦૦ જેટલા માલધારી પરિવાર આશરે ૬૮ નેસોમાં વસે છે. તેઓ પેઢીદર-પેઢી પશુપાલન અને અનુકૂળ પર્યાવરણીય જીવનશૈલી અપનાવે છે. રબારી, ભરવાડ અને ગઢવી સમુદાયો પણ અહીંના સામાજિક પરિપ્રેક્ષ્યનો ભાગ છે. વનવિભાગ દ્વારા સ્વૈચ્છિક પુનર્વસન અને ઈકો-ડેવલપમેન્ટ કમિટીના માધ્યમથી સ્થાનિક સહભાગી વિકાસ માટે શિક્ષણ, આરોગ્ય, આજીવિકા, પશુ આરોગ્ય અને જાગૃતિ કાર્યક્રમો અમલી બનાવાયા છે.

વૈજ્ઞાનિક સંરક્ષણ વ્યવસ્થાઓ:

- શિકાર પ્રાણીઓની વધારાની વ્યવસ્થા: ચિતલ અને સાંભરના સંવર્ધન માટે અભયારણ્યમાં સંવર્ધન કેન્દ્રો અને તેમના મુક્તિ માટે વ્યવસ્થિત કામગીરી હાથ ધરાઈ છે.
- આક્રમક જાતિઓનું નિયંત્રણ: પ્રસોપીસ, લેન્ટેના અને કસિયા ટોરા (ચકુંદા) જેવા ઉપદ્રવી છોડ દૂર કરીને સ્થાનિક ઘાસના મેદાનો પુનઃસ્થાપિત કરવામાં આવે છે.
- વાઈલ્ડલાઈફ હેલ્થ મેનેજમેન્ટ: મોબાઈલ વેટનરી યુનિટ, અલગીકરણ તબક્કા, રેસ્ક્યૂ ટિમો અને નિયમિત આરોગ્ય કેમ્પો દ્વારા વન્યજીવોના આરોગ્યની દેખરેખ રાખવામાં આવે છે.
- પ્રોટેક્શન મેજર્સ **(PrOection measures)** : જીપીએસ ટ્રેકિંગ, કેમેરા ટ્રેપ, ડ્રોન નિરીક્ષણ અને રાત્રિ પેટ્રોલિંગ જેવી તકનિકી વ્યવસ્થાઓ વન્યજીવોની દેખરેખ માટે લાગુ કરવામાં આવી છે.

ઈકો-ટૂરીઝમ અને જાહેર જાગૃતિ:

વન વિભાગ દ્વારા શરૂ કરાયેલ બરડા જંગલ સફારી દ્વારા પ્રશિક્ષિત સ્થાનિક માર્ગદર્શકો મુલાકાતીઓને અભયારણ્યનું સંવેદનશીલ અને નિયંત્રિત અન્વેષણ કરાવે છે. મુલાકાતી સુવિધાઓમાં પાર્કિંગ, આરામગૃહ, પીવાનું પાણી અને માહિતી બોર્ડ જેવી વ્યવસ્થાઓ વિકસાવવામાં આવી છે. આ મોડલ સ્થાનિક લોકો માટે રોજગાર ઊભું કરે છે અને સંરક્ષણ પ્રત્યે જાહેર સહભાગિતાને પ્રોત્સાહન આપે છે.

નિષ્કર્ષ :

બરડા એશિયાટિક સિંહ માટેનું એક વિકસતું અને સશક્ત વૈકલ્પિક રહેઠાણ છે. કુદરતી વસવાટ, વિજ્ઞાન આધારિત પ્રજાતિ મજબૂતીકરણ **(species reinforcement)**, નિવાસસ્થાન પુનઃસ્થાપન **(habitat restoration)** અને સમુદાય સહભાગિતાથી બનતું આ મિશ્રણ પ્રજાતિ પુનઃપ્રાપ્તિ **(species recovery)**નું નમૂનાત્મક મોડેલ રજૂ કરે છે. અહીંથી આવતી ગર્જના માત્ર સિંહની નથી પણ ગુજરાતના ઘરેણા સમાન સિંહ સંરક્ષણ દ્રષ્ટિકોણની સફળતા અને સંવેદનશીલ કામગીરીની સાક્ષી પૂરે છે.

- જનક દેસાઈ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદના દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં અર્બન ફોરેસ્ટ પાર્કનું લોકાર્પણ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં પીપીપી ધોરણે ડેવલોપ કરવામાં આવેલા અર્બન ફોરેસ્ટ પાર્કનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું પણ અનાવરણ કર્યું હતું.

લાંભા વોર્ડમાં ત્યાર થયેલા અર્બન ફોરેસ્ટની વાત કરીએ તો ૪૪૬૪ ચોરસ મીટરમાં રૂ. ૫૫ લાખના ખર્ચે આ ગાર્ડન ડેવલપ કરીને તૈયાર કરવામાં આવ્યો છે.

મિયાવાકી પદ્ધતિથી સાગ, ખેર, વાંસ, સીરસ, સીસુ, અર્જુન વિગેરે ઈન્ડીજીનસ પ્રકારનાં કુલ ૮,૦૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. એટલું જ નહીં ૨૫૦ રનીંગ મીટર લંબાઈનો વોક-વે ત્યાર કરવામાં આવ્યો છે.

આ અર્બન ફોરેસ્ટ પાર્કના લોકાર્પણ અવસરે અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનીધી પાની, શહેર વિસ્તારના ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટર શ્રીઓ, મહાનગરપાલિકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અમદાવાદ મહાનગરપાલિકાએ અમદાવાદ શહેરને ભારતનું સૌથી સ્વચ્છ શહેર બનાવવાની નેમ પાર પાડી છે.

ક્લીન સિટી અમદાવાદને ગ્રીન સિટી બનાવવાની નેમ પાર પાડવા મહાનગરપાલિકાએ મુખ્યમંત્રીશ્રીના દિશા સૂચનમાં ચાલીસ લાખ વૃક્ષો વાવવાનું મિશન ફોર મિલિયન ટ્રિઝ-૨૦૨૫ ઉપાડ્યું છે. મિશન ફોર મિલીયન ટ્રીઝ ૨૦૨૫ અંતર્ગત સમગ્ર શહેરમાં કુલ ૪૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવ્યો છે. જે પૈકી ૭ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં કુલ ૨૭,૧૧,૪૪૩ વૃક્ષો રોપવામાં આવ્યા છે.

આમ, ૪૦ લાખનાં લક્ષ્યાંકની સામે ૬૬.૭૭ ટકા વૃક્ષારોપણની સિદ્ધિ અમદાવાદ મહાનગરપાલિકાએ હાંસલ કરી છે. આગામી સમયમાં ઝડપથી બાકીના વૃક્ષો રોપવાની કામગીરી પૂર્ણ કરાશે.

અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિયાવાકી પદ્ધતિ તેમજ પ્લોટોમાં ગીચ વૃક્ષારોપણ થકી અત્યાર સુધીમાં ૧૯૮ જેટલાં પ્લોટમાં ઓક્સિજન પાર્ક/ અર્બન ફોરેસ્ટ તૈયાર કરવામાં આવ્યા છે. અમદાવાદના ઝોન મુજબ વાત કરીએ તો, પૂર્વ ઝોનમાં ૫૮, પશ્ચિમ ઝોનમાં ૩૦, ઉત્તર ઝોનમાં ૨૯, દક્ષિણ ઝોનમાં ૧૮, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૩૨ તેમજ દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૩૧ એમ થઈને કુલ ૧૯૮ ઓક્સિજન પાર્ક/અર્બન ફોરેસ્ટનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અમદાવાદ શહેરમાં કુલ ૩૧૦ પબ્લિક ગાર્ડન આવેલા છે, જેમાં મધ્ય ઝોનમાં ૧૯, પૂર્વ ઝોનમાં ૩૦, પશ્ચિમ ઝોનમાં ૮૨, ઉત્તર ઝોનમાં ૪૦, દક્ષિણ ઝોનમાં ૪૦, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૬૮ તેમજ દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૩૧ પબ્લિક ગાર્ડનનો સમાવેશ થાય છે.

અમદાવાદના બગીચા ખાતા દ્વારા છેલ્લા ૬ વર્ષમાં કુલ ૧ કરોડથી વધુનું વૃક્ષારોપણ કર્યું છે.

છેલ્લાં ૬ વર્ષમાં થયેલા વૃક્ષારોપણની વાત કરીએ તો, વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૧૧,૫૮,૩૮૭ વૃક્ષારોપણ, વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૧૦,૧૩,૮૫૬ વૃક્ષારોપણ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૨,૮૨,૦૧૪ વૃક્ષારોપણ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦,૭૫,૪૩૧ વૃક્ષારોપણ તેમજ વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૨૦,૦૬૧,૯૦, ૨૦૨૪-૨૦૨૫માં ૩૦,૧૩,૧૫૧ વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે.

### મોરબીમાં ટ્રિપલ અકસ્માતમાં

# કન્ટેનર-ટેન્કર અને કાર વચ્ચે ભીષણ ટક્કર : ચારના મોત

## ઘટનાની જાણ થતા મોરબી અને ભચાઉ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબીના માળિયામાં સુરજબારી ટોલનાકા નજીક ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં ૪ લોકોના મોત થયા છે. અહીં અકસ્માતમાં બે ટ્રક અને અર્ટિગા કાર અથડાઈ હતી. વાહન અથડાતાની સાથે જ ભયાનક આગ લાગી હતી જેમાં ઘટનાસ્થળે જ ૪ લોકોના મોત નિપજ્યા હતા. મૃતકોમાં ટ્રક ડ્રાઈવર અને ક્લિનર સહિત કારમાં સવાર બે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, કારમાં સવાર પાંચ બાળકો સહિત સાત ફસાયેલો લોકોને સુરક્ષિત બહાર કાઢી બચાવી લેવાયા હતા. હાલ, તમામ ઈજાગ્રસ્તોની સામખિયાળી હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે. મળતી માહિતી અનુસાર, માળિયા સૂરજબારી પુલ પર એક કન્ટેનર પલટી મારી ગયું હતું. જેથી પાછળ આવતી ટ્રકે લેન બદલવાનો પ્રયાસ કર્યો, આ દરમિયાન પાછળ આવતી કાર ટ્રક સાથે અથડાતા બંને વાહનોમાં ભયાનક આગ લાગી હતી. ટ્રકમાં અને કારમાં સવાર ૨-૨ લોકો મોત થયા છે. આ સિવાય, સાત લોકોનું રેસ્ક્યુ કરાયું હતું અને ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે સામખિયાળી હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યાં છે. ઈજાગ્રસ્તોની સ્થિતિ પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે, જેથી આ ઘટનામાં મૃત્યુઆંક વધે તેવી શક્યતા સેવાઈ રહી છે.ઘટનાની જાણ થતા મોરબી અને ભચાઉ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી હતા. મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ફાયર ટીમે આગ પર કાબૂ મેળવવા ભારે જહેમત ઉઠાવી, અને ઘટના સ્થળે બચાવ કામગીરી ઝડપથી હાથ ધરી હતી. પોલીસ અકસ્માતના કારણો જાણવા કરવા માટે તપાસ કરી રહી છે.

# સરકારી તંત્રની નિષ્ક્રિયતાથી ભાજપના ધારાસભ્યો અકળાયા: હવે ખુદ ભાજપના ધારાસભ્યો સરકાર સામે લડી લેવાના મુડમાં?



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી વિધાનસભા ચુંટણીને હજુ અઢી વરસ બાકી છે પરંતુ તંત્ર જે પ્રકારે નિષ્ક્રિય છે તેના કારણે ભાજપના ધારાસભ્યો અત્યાર થી જ અકળાવા લાગ્યા છે. તેઓ ચિંતિત થઈ ઉઠયા છે. તેમને ડર છે કે તંત્રની નબળી કામગીરીનુ ઠીકરૂ અમારા માથે જ ફોડવામાં આવશે તેના કારણે હવે સત્તાધારી ભાજપ પક્ષના વર્તમાન ધારાસભ્યો વિપક્ષના બદલે પોતે જ વિપક્ષની ભુમિકામાં આવી ગયા છે.

મંત્રીઓ કામ કરતા નથી, જેથી કરી તેઓ પોતાની જ સરકાર ને ઘેરવામાં લાગી ગયા છે. બીજાની નિષ્ક્રિયતાના દોષનો ટોપલો પોતાના માથે ન આવે અને આગામી ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણી માં પણ તેમની સાથે વિસાવદરવાળી ન થાય તેવી તેમની ચિંતા છે. વિસાવદરમાં ભાજપનુ આટલુ મોટુ પ્રચાર તંત્ર હોવા છતાં પણ આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ જીત મેળવી હતી, હવે ભાજપના આ ધારાસભ્યોને લાગી રહ્યુ છે કે આ તો જાણે એક રીતે ઈતિહાસનુ જ પુનરાવર્તન થઈ રહ્યુ છે. એક સમયે ભાજપ પોતે આ રીતે સાશન વિરોધી મતો મેળવતુ હતુ , તેથી તેના ધારાસભ્યોને ખબર છે કે એક વખત ટોચ આવ્યા પછી તળીયુ આવતા વાર પણ નહી લાગે, જે તેમણે ૨૦૧૭ ની ચુંટણીમાં જોઈ લીધુ હતુ, ગુજરાતની પ્રજાએ સત્તાધારી ભાજપ પક્ષને ૨૦૧૭ ની ચુંટણીમાં તળીયાનો અને ૨૦૨૨ ની ચુંટણીમાં ટોચનો અનુભવ કરાવ્યો હતો. તેથી હવે પ્રજા આગામી ચુંટણીમાં કોઈ પણ પ્રકારનો જાકારો આપે તે પહેલા વર્તમાન ધારાસભ્યોએ પાળી પહેલા પાળ બાંધવાનો અત્યાર થી જ પ્રારંભ કરી દીધો છે. તેઓએ પ્રજાના પ્રશ્નોને લઈને સ્થાનિક સ્તરથી લઈને ટોચના સ્તર સુધી ઉઠાવવા માંડયા છે. તેનો ઉકેલ ન આવે તો તે અમલદારોને ધમકાવવા સુધ્ધા અને તેમને અપશબ્દો બોલવા સુધી પણ નીચે ઉતરી જાય છે. આ ઉપરાંત જો સ્થાનિક તંત્ર તેમની વાત કાને ન ધરે તો છેવટે તેઓ તેને લઈને મીડીયા સમક્ષ લઈ દોડી જાય છે. તાજેતરમાં જે રીતે મનસુખ વસાવા મનરેગા કૌભાંડને લઈને મીડીયા સમક્ષ દોડી ગયા તે આનુ ઉદાહરણ છે, તેઓએ સ્પષ્ટ પણે જણાવ્યુ હતુ કે મનરેગા કૌભાંડમાં ભાજપ કે કોંગ્રેસ બધા રૂપીયા ખાય છે, છેક ગાંધીનગરથી વહિવટ થાય છે આનાથી મોટી હવે બીજી વાત જ શું હોઈ શકે, કે સત્તાધારી પક્ષ ભાજપનો જ ધારાસભ્ય કહે કે મનરેગા કૌભાંડમાં સત્તાધારી પક્ષ વિપક્ષની મીલીભગત એટલે કે ગાંધી વૈદ્ય નુ સહીયારૂ છે. હવે મનસુખ વસાવાએ કહેલી વાતના કારણે શરૂ થયેલા વિવાદના વમળ શાંત થયા નથી ત્યાં જ વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે પણ લેટર બોમ્બ ફોડયો હતો. અનામત આંદોલનમાં સરકારને ઝુકાવી દેનારા ભાજપના વર્તમાન ધારાસભ્ય હાર્દિક પટેલ વિરમગામના સ્થાનિક તંત્રની નિષ્કાળજીથી તોબા પોકારી ગયા છે. સ્થાનિક તંત્રની બેદરકારીના કારણે તેમને છેવટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખવાની ફરજ પડી છે કે તંત્ર ને સખણુ રાખો, પ્રજાના કાર્યો કરવામાં આવે, કઈ નવુ ન થાય તો કઈ નહી પણ રોડ રસ્તા પર પડતા ખાડા, પીવાના પાણીની સમસ્યા ચોમાસામાં પાણી ભરાવવાની સમસ્યા, ગટરની સમસ્યા જેવા મુળભુત પ્રશ્નોનુ તો નિરાકરણ કરાય. સુરતના જ વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણી તંત્ર સામે બાંય ચઢાવવા માટે આમ પણ જાણીતા છે તેમણે હવે ફરીથી પોતાની જ સરકાર સામે બાંયો ચઢાવી છે. તેમણે જણાવ્યુ હતુ કે ખાડીમાં પુરના પાણી કાયમ ચોમાસા વખતે ભરાય છે અને સુરતના સ્થાનિક વિસ્તાર અડધા ડુબી જાય છે, હવે આ સમસ્યાનો સરકાર ઉકેલ નહી લાવે તો તેઓ પોતે પણ તેની સામેના આંદોલનમાં જોડાશે. આ વખતે સુરતમાં ખાડીના પુરની સમસ્યાથી લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા, કુમાર કાનાણીએ પોતે પણ તે જોયુ હતુ. ફકત કુમાર કાનાણી જ નહી સુરતના ઉધનાના ધારાસભ્ય મનુ પટેલે પણ તંત્ર પર હપ્તાખોરીનો આક્ષેપ કર્યો છે તેમણે રીતસર આ માટે પ્રેસ કોન્ફરન્સ યોજીને તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. તેના કારણે પત્રકારો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. સામાન્ય રીતે તેઓ આ પ્રકારના પ્રહારોની આશા વિપક્ષના ધારાસભ્યો પાસેથી રાખતા હોય છે. અહીં તો સત્તાધારી પક્ષ ભાજપના નેતાઓ જ સરકાર પર પ્રહાર કરી રહ્યા છે. ગરીબ કારીગરો પાસેથી લુંટારૂ ટોળકીઓ દાદાગીરી કરીને રૂપીયા ઉઘરાવી રહી છે અને તંત્ર ચુપ છે. તેવો દાવો તેમણે કર્યો હતો. તેની સાથે તપેલા ડાઈંગ મીલો સામેની તંત્રની નિષ્ક્રિયતાને લઈને પણ તેમણે જાહેરમાં બળાપો ઠાલવ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે અમારો વિસ્તાર ગરીબો અને શ્રમ જીવીઓનો હોવાથી અમારી સાથે ઓરમાયુ વર્તન દાખવવામાં આવી રહ્યુ છે. બધાને આશ્ચર્ય એ વાતનુ થઈ રહ્યુ છે કે આ જ ધારાસભ્યોને હમણાં સુધી તંત્રનો ભ્રષ્ટાચાર દેખાતો ન હતો. પરંતુ વિસાવદરમાં હવે તેમને પક્ષનો બધો ભ્રમ ભાગી ગયો છે. તેમને લાગી રહ્યુ છે કે તેમની સીટ હવે તેમણે જ બચાવવી પડશે, રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ ગીર માં એક પછી એક સિંહોના મોત થવા લાગતા વનમંત્રીને પત્ર લખીને તેના માટેના કારણો પર પ્રકાશ પાડતા જણાવ્યુ હતુ કે તેમનો દાવો છે કે વન વિભાગની બેદરકારીએ સિંહોનો ભોગ લીધો છે. ગીર માં સિંહો માટે પીવાના પાણીના સરખા સ્થળો પણ નથી, તેમની વસ્તીના પ્રમાણમાં સ્થળો અપુરતા છે. તેમણે સિંહોના મોત મામલે જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવાની માંગ કરી છે. આવી જ માંગ અમરેલીના ધારાસભ્ય જે વી કાકડીયાએ કરી છે. તેમણે શેત્રૂંજી અને પાલીતાણામાં સિંહોના થતા મોત અંગે સવાલો ઉઠાવ્યા છે. તેમનુ કહેવુ છે કે વન વિભાગની કામગીરી સંતોષજનક નથી. જો વન વિભાગને વાયરસ અંગે ખબર હતી તો પછી તેણે બાળ સિંહોની સલામતી માટે કેમ પગલા ન લીધા.

# ઈન્સ્ટાગ્રામ પર સગીરાના ફોટા અપલોડ કરનારા એક તરફી પ્રેમી સામે ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

બાપુનગરમાં સોશિયલ મીડિયા મારફતે મિત્રતા કેળવવાનો કડવો અનુભવ સગીરાને થયો છે. મિત્ર યુવક સગીરાને તેના ફોટોગ્રાફ સોશિયલ મીડિયામાં અપલોડ કરવાની ધમકી આપી સંબંધ રાખવા દબાણ કરતો હતો.

સગીરાએ કંટાળીને યુવક સાથે વાતચીત કરવાનું બંધ કરી દેતા પાગલ પ્રેમી ઈન્સ્ટાગ્રામમાં સગીરાના ફોટોગ્રાફ અપલોડ કરી દીધા હતા. આ મામલે સગીરાના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.બાપુનગરમાં રહેતા ૪૦ વર્ષીય પિતાએ સગીર દીકરીને ત્રણ વર્ષ સુધી બ્લેકમેઈલ અને બદનામ કરનારા યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સગીરાના એક તરફી પ્રેમમાં પાગલ યુવકે ઈન્સ્ટાગ્રામમાં મિત્રતા કેળવી હતી. બાદમાં તેના ફોટોગ્રાફ માગીને બ્લેકમેઈલ કરવા લાગ્યો હતો. સગીરાએ યુવકનો નંબર બ્લોક કરીને તેની સાથે વાતચીત કરવાનું બંધ કરી દીધું હતું. ગુસ્સે ભરાયેલા યુવકે સગીરાના નામથી ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવ્યું અને તેમાં તેના ફોટાગ્રાફ અપલોડ કરી દીધા હતા. પાગલ પ્રેમી સગીરાને મળવા દબાણ કર્યા કરતો હતો. ગભરાયેલી સગીરા યુવકને ગાર્ડનમાં મળવા માટે પહોંચી ત્યાં યુવકે તેના ફોટા પાડયા હતા.

## લવ જેહાદની વાતો કરનારા તત્વો સામે લપડાક સમાન બન્યો કિસ્સોઃ કચ્છ જિલ્લાના અબડાસાની યુવતિએ પોતાની મરજીથી મુસ્લીમ યુવક સાથે લગ્ન કર્યા હોવાનુ બહાર આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

કચ્છ જિલ્લાના અબડાસાના ખારૂવા ગામની યુવતિ પ્રેમ સંબંધમાં લઘુમતી કોમના યુવક સાથે ભાગી ગયા બાદ પોલીસ સમક્ષ હાજર થઈ જતા પ્રેમ સંબંધને લવ જેહાદમાં ખપાવવાનો કારસો રચનાર કેટલાક અસામાજિક તત્વોને લપડાક સમાન બનવા પામ્યો છે. અંતે બધા પ્રયાસો પર પુર્ણવિરામ મુકાઈ ગયુ છે. યુવક અને યુવતિની સંમતિથી થયેલા પ્રેમને લવ જેહાદનુ નામ આપી અમુક હિન્દુ સંગઠનો કચ્છની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા હતા જે નિષ્ફળ નિવડી છે. મળતી માહિતી અનુસાર થોડા દિવસ અગાઉ કચ્છ જિલ્લાના અબડાસાના ખારૂવા ગામની યુવતિ મિત્તલ મહેશ્વરી પોતાના ઘરેથી કહ્યા વગર ચાલી ગઈ હતી.



ત્યારબાદ પરીવારજનો અને અમુક હિન્દુ સંગઠનોએ પોલીસ અને કલેકટર સમક્ષ રજુઆત કરી હતી કે તેમની દિકરીને મુસ્લીમ યુવક ભગાડી ગયો હતો અને લવ જેહાદ સાથે પણ તેને જોડી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત યુવતિને ભગાડવામાં કોઈ મોટુ જેહાદી સંગઠન કામ કરતુ હોવાની પણ વાત કરી દીધી હતી.

પણ આખરે આ યુવતિ પોલીસ સમક્ષ હાજર થઈ લવ જેહાદની વાતનો છેદ ઉડાળ્યો હતો. સાથે જ તે પોતાની મરજીથી યુવક સાથે ગઈ હોવાની વાત કબુલી તેણીએ કોઈ ધર્મપરીવર્તન કર્યુ નથી અને હજુ પણ હિન્દુ ધર્મ જ પાડે છે તેવુ યુવતિએ જણાવ્યુ હતું.

મિત્તલે પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યુ હતુ કે અમે વરસોથી પ્રેમમાં હતા અને લગ્ન કર્યા બાદ અમે હાઈકોર્ટ સમક્ષ હાજર પણ થયા હતા અને હાઈકોર્ટે અમારા તમામ દસ્તાવેજ ચકાસીને પોલીસને અમારી સુરક્ષા કરવા કહ્યુ છે. દિકરીને પોતાની સમક્ષ હાજર કરવા પરીવારે કલેકટર કચેરી બહાર ધરણાં કર્યા હતા. પણ દિકરી હવે પોલીસ સ્ટેશને હાજર થઈ જતા પરીવારનો કોઈ સભ્ય તેને મળવા આવ્યો ન હતો, ૩ વરસથી પ્રેમમાં રહેલા મુસ્લીમ યુવક અને દલિત યુવતિએ મહારાષ્ટ્રમાં જઈને લગ્ન કરી લીધા છે. આ સાથે જ સંમતિથી થયેલા લગ્નને લવ જેહાદમાં ખપાવવાનો હિન્દુવાદી સંગઠનોનો પ્રયાસ નિષ્ફળ ગયો છે. હવે યુવતિના કહેવા પ્રમાણે તે પોતાના મુસ્લીમ પતિ સાથે કચ્છ છોડીને અન્ય સ્થળે રહેવા માગે છે.

## ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખનુ કોકડુ એક મહિનો વિલંબમાં મુકાયુ : ઉપરાષ્ટ્રપતિની ચુંટણી બાદ પ્રદેશ પ્રમુખની નિમણુંક

પ્રતિનિધિ,ગાંધીનગર

ઘણા સમયથી ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખના નામને લઈને ભારે સસ્પેન્સ જોવા મળી રહ્યુ છે અને હવે આ સસ્પેન્સ વધુ એક મહિનો આગળ વધી ગયુ છે.

ગુજરાત ભાજપના પ્રમુખ કોણ બનશે તે વિશે આગેવાનો અને કાર્યકરોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે અને તરેહ તરેહ ની અટકળો પણ થઈ રહી છે. તો બીજી તરફ આજે શુક્રવારે કમલમમાં ધારાસભ્યોને બેઠક મળી હતી તે અગાઉ પણ કેટલાક ધારાસભ્યો એવુ વિચારી રહ્યા હતા કે આજે પ્રદેશ પ્રમુખનુ નામ ફાઈનલ થઈ જશે પરંતુ તે હજુ સુધી થયુ નથી, ગુજરાત ભાજપના પ્રમુખની હવે ઉપરાષ્ટ્રપતિની ચુંટણી પછી જાહેરાત થઈ શકે છે. એટલે કે ૯ સપ્ટેમ્બર બાદ ગુજરાત ભાજપને નવા પ્રમુખ મળી શકે છે, મળતી માહિતી અનુસાર નવા પ્રદેશ પ્રમુખ ત્યારબાદ નવા માળખાની જાહેરાત કરાશે. હવે ઉપ રાષ્ટ્રપતિની ચુંટણી બાદ જાહેરાત કરવામાં આવશે. ગુજરાત , ઉત્તર પ્રદેશ, દિલ્હી અને અન્ય રાજયોમાં ભાજપના પ્રદેશ પ્રમુખની ચુંટણી હવે ઉપરાષ્ટ્રપતિની ચુંટણી પછી જ કરવામાં આવશે તેવુ ભાજપના ટોચના સુત્રોએ કમલમમાં જણાવ્યુ હતું. ભાજપ હાઈકમાન્ડ હાલ ઉપ રાષ્ટ્રપતિની ચુંટણી પર ફોકસ રાખી રહ્યુ છે અને તેના કારણે વિવિધ રાજયોના પ્રદેશ પ્રમુખની



પ્રક્રિયા શરૂ કરવામાં આવી શકે છે અને ત્યારબાદ રાષ્ટ્રીય પ્રમુખની પ્રક્રિયા પણ શરૂ થઈ શકે છે. એટલે કે હવે ગુજરાતમાં ભાજપ પ્રદેશ પ્રમુખનુ કોકડુ એક મહિના સુધી વિલંબમાં મુકાઈ ગયુ છે.

### ખનીજ ચોરોનો વારંવાર સાબરકાંઠા જિલ્લાનુ વહિવટી તંત્ર પ્રોત્સાહન આપી રહ્યુ છેઃ

## સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ મામલતદાર કચેરીનો મામલતદાર અને ડ્રાઈવર રૂ.૫૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લામાં ખનીજ ભરપુર જમીનોમાં ભરાયેલુ છે આ ખનીજની ચોરી કરાવવા માટે ખુદ સરકારી તંત્ર પણ મીલીભગત હોવાનુ બહાર આવ્યુ છે. અગાઉ પણ હિંમતનગરના સર્કલ નાયબ મામલતદાર જિતેન્દ્ર પટેલ પણ ખનીજ ચોરો પાસેથી કડકી ઉઘરાવવાના બહાને એસીબીના લપેટે ચડયા બાદ રંગે હાથ લાંચ લેતા ઝડપાયા હતા.

તે જ પ્રમાણે જિલ્લાના પ્રાંતિજ મામલતદાર કચેરીના મામલતદાર અને ડ્રાઈવર રૂપીયા ૫૦ હજારની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ




ગયા છે. ખનીજ ચોરોના વાહનો નહી પકડવા માટે આ ભ્રષ્ટ અધિકારીઓએ રૂપીયા ૫૦ હજાર ની લાંચ માંગી હોવાનુ બહાર આવ્યુ છે. ફરીયાદીની ગાડીઓ રેતી-કપચી વિગેરે માલ ટ્રાન્સફર કરવા સારૂ પ્રાંતિજ થી અમદાવાદ ફરતી હતી. આ ગાડીઓ નહી પકડવા અને મોટો ખનીજ ચોરીનો દંડ નહી કરવા સારૂ આરોપી પ્રાંતિજ મામલતદાર કચેરીના મામલતદાર જગદીશકુમાર ગણેશભાઈ ડાભી ના કહેવાથી મામલતદાર કચેરીના ડ્રાઈવર (આઉટસોર્સ) કમલેશકુમાર અશોકભાઈ પરમારે ફરીયાદી પાસે ગાડી દીઠ રૂપીયા ૧૦ હજાર એમ કુલ ૫ ગાડી ના કુલ રૂપીયા ૫૦ હજાર ની લાંચની માંગણી કરી હતી. જે લાંચના નાણાં ફરીયાદી આરોપીને આપવા માંગતા ન હોય, એસીબીનો સંપર્ક કરતા અધિકારીઓએ ફરીયાદીની ફરીયાદના આધારે પ્રાંતિજ મામલતદાર કચેરીના પાર્કિંગ માં પાર્ક કરેલ આરોપી કમલેશ પરમારની ઈકો ગાડીમાં લાંચના છટકાનુ આયોજન કરતા છટકા દરમિયાન આરોપી કમલેશ પરમારે ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, લાંચના નાણાં સ્વીકારી બંને આરોપીઓ ઝડપાઈ ગયા હતા.

## ખેડુત ન હોય તેવી વ્યકિત ખેતી બેંકના ચેરમેન કઈ રીતે બની ગયા ? ખેતી બેંક ની વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન ડોલર કોટેચા સામે સભાસદોએ સવાલો ઉઠાવતા મચી ધમાલઃ ૨ સભ્યોની કરાઈ અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સહકારી નેટવર્ક ધરાવતી ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ બેંક લી. (ખેતી બેંક)ની વાર્ષિક સાધારણ સભા ગઈ કાલે ગાંધીનગર ટાઉન હોલ ખાતે મુખ્યમંત્રીની હાજરીમાં યોજાઈ હતી. આ વાર્ષિક સાધારણ સભામાં ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચા ખેડુત ખાતેદાર ન હોવા છતાં લાખો ખેડુત ખાતેદારોની બેંકના ચેરમેન પદે ગેરકાયદેસર રીતે બેસી ગયા હોવાનો અમુક સભ્યોએ આક્ષેપ કરતા ભારે સનસનાટી મચી જવા પામી હતી. જો કે વિવાદ વધુ સળગે તે પહેલા સામાન્ય સભા આટોપી લેવાની ફરજ પડી હતી, સાથોસાથ ગંભીર આક્ષેપો કરનાર મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાના પ્રતિનિધિની પોલીસે અટકાયત કરી પોલીસ સ્ટેશનમાં બેસાડી દીધા હતા. મુખ્યમંત્રી અને સહકારી ક્ષેત્રના માંધાતાઓની હાજરીમાં બેંકના ચેરમેન સામે સવાલો ઉઠવાથી સોંપો પડી ગયો હતો અને લાખો ખેડુતો ખાતેદારોમાં પણ ગણગણાટ શરૂ



થઈ ગયો હતો. ખેડુત ખાતેદાર ન હોય તેવી વ્યકિત કોની કૃપાથી ખેતી બેંકના ચેરમેન બની ગઈ છે ? ગાંધીનગર ટાઉન હોલમાં ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ બેંક લીમીટેડ (ખેતી બેંક) ની સામાન્ય સભા અને મુખ્યમંત્રી ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રીનો ઋણ સ્વીકાર કાર્યક્રમ પુર્ણ થયા બાદ સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચા ગેરકાયદેસર સભાસદ બનવા મુદ્દે કેટલાક સભાસદોએ હોબાળો મચાવ્યો હતો.

ગેરકાયદેસર સભાસદ હોવાનો ખુલાસો માંગવામાં આવતા ચેરમેને જવાબ આપવાનુ ટાળ્યુ હતું. જેના કારણે હોબાળો થતા સામાન્ય સભા તાત્કાલીક આટોપી લેવામાં આવી હતી. આ સમયે ખેતી બેંકના અમદાવાદ જિલ્લા પ્રતિનિધિ કાનભા ગોહિલે પણ મંચ ઉપરથી ખુલ્લો વિરોધ કર્યો હતો જેના કારણે સામાન્ય સભામાં સોંપો પડી ગયો હતો. સામાન્ય સભા શરૂ થાય તે પહેલા મહેસાણા ખેતી બેંકના પ્રતિનિધિ રમેશભાઈ ચૌધરી અને સાબરકાંઠા ખેતી બેંકના પ્રતિનિધિ સજ્જનસિંહ ઝાલાની પણ અટકાયત કરવામાં આવી હતી. બંને પ્રતિનિધિઓને ટાઉન હોલના ગેટ પાસેથી અટકાયત કરીને સેકટર ૨૧ પોલીસ સ્ટેશનમાં બેસાડી દેવામાં આવ્યા હતા.

સામાન્ય સભા પુર્ણ થયા બાદ બંને પ્રતિનિધિઓને મુકત કરી દેવામાં આવ્યા હતા. આ પ્રતિનિધિઓએ ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચા એ કરેલા ગેરકાયદે ઠરાવોનો બંને પ્રતિનિધિઓએ વિરોધ કર્યો હતો. સામાન્ય સભામાં બંને પ્રતિનિધિઓ ડોલર કોટેચા પાસેથી ખુલાસો માંગવાના હતા, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં પોલ ખુલી ન જાય તે માટે બંને પ્રતિનિધિઓની અટકાયત કરવામાં આવી હતી. સરકારના આશીર્વાદ હોય તો સહકારી કાયદામાં કેવા ખેલ ખેલી શકાય છે તે અંગે ખેતી બેંકના પ્રતિનિધિઓએ ચોંકાવનારા ખુલાસા કર્યા હતા.

ડોલર કોટેચા ખેડુત ખાતેદાર ન હોવા છતાં તેને બેંકના ડીરેકટર બનાવવા માટે પેટા નિયમોમાં પાછલા બારણે સુધારા કરી મોટાપાયે કાયદાકીય ઉલ્લંઘનો કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં સહકારી વિભાગમાં ચાલતી રમતો અંગે ચોંકાવનારા ઘટસ્ફોટ થવાના નિર્દેશો મળી રહ્યા છે.

## ભાદરવી પુનમના દિવસે મોટુ સંકટ : બપોરે ૧૨:૩૦ બાદ શ્રધ્ધાળુઓને અંબાજીમાં દર્શન કરવા નહી મળે

પ્રતિનિધિ,ગાંધીનગર

યાત્રાધામ અંબાજીમાં આગામી તા. ૧ સપ્ટેમ્બર થી ૭ સપ્ટેમ્બર સુધી ભાદરવી પુનમ મહામેળો ૨૦૨૫ યોજાનાર છે. ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, જિલ્લા વહિવટી તંત્ર બનાસકાંઠા અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના સંયુકત ઉપક્રમે ભાદરવી પુનમ મહામેળો ૨૦૨૫ નુ આયોજન કરવામાં આવેલ છે.

અંબાજી ખાતે ભાદરવી પુનમીયા સંઘની બેઠક યોજાઈ હતી. આ મીટીંગમાં મંત્રી પહોચ્યા હતા આ સિવાય બનાસકાંઠા કલેકટર, એસપી, મંદિર વહિવટદાર સહિત સમગ્ર વહિવટી તંત્ર ઉપસ્થિત રહ્યુ હતું. જેમાં અનેક મુદ્દા પર ચર્ચા થઈ હતી, ભાદરવી પુનમના મેળામાં ૧૬૨૪ સંઘો રજીસ્ટર થયેલા છે. જે મેળા દરમિયાન અંબાજી આવશે, દર્શનનો સમય સવારે ૬ વાગ્યાથી રાતે ૧૨ વાગ્યા સુધી મેળા દરમિયાન ખુલ્લુ રખાશે. ભાદરવી પુનમના દિવસે ચંદ્રગ્રહણ હોવાથી બપોરે ૧૨:૩૦ થી ગર્ભગૃહ બંધ કરીને જાળીમાં દર્શન થશે. ભાદરવી પુનમના દિવસે સાંજે ૫ વાગ્યા બાદ ચંદ્રગ્રહણ ને લીધે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. હમણાં સુધી ૩૦૩ સેવા કેમ્પની નોંધણી થઈ ચુકી છે. સમગ્ર અંબાજીમાં સીસીટીવી કેમેરા લગાવીને ૨૪ કલાક બાજ નજર રાખવામાં આવશે.

રાત્રીના સમયે ભકતોને તકલીફ ના પડે તે માટે માંકણચંપા, આંબાઘાટા, વિરમપુર રોડ અને આબુ રોડના રસ્તા પર સ્ટ્રીટ લાઈટ લગાડવામાં આવશે, વૃધ્ધો અને દિવ્યાંગો માટે અલાયદી દર્શન વ્યવસ્થા રાખવામાં આવશે. જેમાં ગોલ્ફ કાર્ટનો ઉપયોગ કરવામાં આવશે.




અંબાજી ખાતે સમિક્ષા બેઠકમાં યાત્રાળુઓની સલામતી, સુરક્ષા, એસટી બસ, ઈલેકટ્રીક સીટી, ક્રાઉડ મેનેજમેન્ટ, પીવાનુ પાણી, હંગામી વિસામા, ભોજન, સફાઈ, આરોગ્ય, સેનીટેશન, ફાયર સેફટી વગેરે બાબતો પર ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન અને સુચનો કરાયા હતા. ભાદરવી પુનમ મહામેળો ૨૦૨૫ માટે વિશેષ સફાઈ, ભીડ નિયંત્રણ જેવી બાબતો પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. ભાદરવી પુનમના મહામેળાને લઈને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તેમજ તમામ ભકતો શાંતિપૂર્વક દર્શન કરી શકે તે માટેની વિવિધ વ્યવસ્થાઓ કરી દેવામાં આવી છે. આવવા જવા માટે વાહનો અને તે વાહનોનુ યોગ્ય પાર્કિંગ પણ કરવા સહિત તેમની સુરક્ષા માટે પોલીસ, સીસીટીવી કેમેરા વગેરેની વ્યવસ્થાઓ પુર્ણ કરી દેવાઈ છે.

### આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે

## સાબરકાંઠા બેંકના સૌજન્યથી બેંકની મહિલા કર્મચારીઓએ દિવ્યાંગ બાળકોએ બનાવેલી રાખડી ખરીદી-તેમને રાખડી બાંધી અનોખો રક્ષાબંધન પર્વ ઉજવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયમાં લગભગ પ્રથમ એવો પ્રસંગ હશે કે જે સહકારી બેંકની મહિલા કર્મચારીઓ દ્વારા મોટી સંખ્યામાં માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થામાં જઈ બાળકો દ્વારા બનાવેલી રાખડી ખરીદી,

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે સાબરકાંઠા ડીસ્ટ્રીકટ બેંક લી. (સાબરકાંઠા બેંક) ના સૌજન્યથી બેંકની મહિલા કર્મચારીઓએ હિંમતનગર સ્થિત માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થામાં જઈ દિવ્યાંગ બાળકોએ બનાવેલી રાખડીઓ ખરીદ કરી તેમને બાંધી ગીફટ આપી અનોખી રીતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

આટલી બધી મોટી સંખ્યામાં મહિલા કર્મચારીઓ દ્વારા એક સાથે રક્ષાબંધન પર્વ ઉજવવાથી માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થાએ સાબરકાંઠા બેંકની તમામ મહિલા કર્મચારીઓનો આભાર માન્યો હતો.

આવા બાળકો સાથે આવો પર્વ ઉજવવાનો મહિલા કર્મચારીઓને વિશેષ આનંદ હતો. તો બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન, બોર્ડ ઓફ



ડીરેકટરર્સ, ચીફ એકિઝકયુટીવ એ પણ મહિલા કર્મચારીઓને આ પર્વ ઉજવવાથી તેમને અભિનંદન પાઠવ્યા હતા અને દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરવા બદલ તેમની સરાહના કરી હતી.

## રેરા મિલ્કત ખરીદનારને વર્ષમાં ૪ વખત પ્રોજેકટના ડેવલપમેન્ટ વિશે અપડેટ આપશે

પ્રતિનિધિ,ગાંધીનગર

મકાન, દુકાન કે ઓફીસ ખરીદનારા ગ્રાહકોના હિતના રક્ષણ માટે કાયદાથી સ્થાપિત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) દ્વારા પ્રમોટર ડેવલપર્સ-બિલ્ડર દ્વારા દર ૩ મહિને રેરા સમક્ષ રજુ કરાતા રીપોર્ટની વિગતો અને પ્રોજેકટની પ્રગતિ તેમજ યુનિટ બુકીંગની વિગતો એલોટોઝ ગ્રાહકોને એસએમએસ દ્વારા મોકલવાની શરૂઆત કરવામાં આવી છે.

રેરા દ્વારા નિયમિત રીતે નોંધાયેલા ૩ લાખ જેટલા ગ્રાહકોને એસએમએસ મારફતે પ્રોજેકટની વિગતો મોકલવાની આયાત થતી વસ્તુઓ પર ૨૦ ટકા કર લાદવામાં




આવશે.

ટ્રમ્પને એવી પણ આશા છે કે યુરોપીયન યુનિયન, જાપાન અને દક્ષિણ કોરીયા જેવા દેશો અમેરીકામાં અબજો ડોલરનુ રોકાણ કરશે. ભારતીય માલ પરના નવા ટેરીફ થી અમેરીકનોના રસોડાને પણ અસર થશે. કારણ એ છે કે નવા ટેરીફથી ભારતમાંથી આયાત થતા મસાલા મોઘા થશે, જેના કારણે ખોરાકનો ખર્ચ વધશે, ગઈ કાલે એક વેપાર સંગઠને ચેતવણી આપી હતી કે ઘરના રસોડા, રેસ્ટોરા અને મોટા ઉત્પાદકો દ્વારા ઉપયોગમાં લેવાતા ઘણા મસાલા ભારતમાંથી આયાત કરવામાં આવે છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરીફથી ખર્ચ વધી શકે છે. યુએસ ડીપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર અનુસાર ગયા વરસે અમેરીકાએ ભારતમાંથી ૪૧૦ મીલીયન ડોલરથી વધુ મુલ્યના મસાલા આયાત કર્યા હતા.

દ્વિપક્ષીય વેપાર કરાર અને ટ્રમ્પ વહિવટી તંત્ર દ્વારા ટેરીફની જાહેરાત અંગે ભારત અને અમેરીકા વચ્ચે ચાલી રહેલી વાટોઘાટો બાદ, વડાપ્રધાન મોદીનુ આ નિવેદન ખુબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યુ છે. વાસ્તવમાં ભારત અને અમેરીકા વચ્ચે દ્વિપક્ષીય વાટોઘાટો માં કૃષિ અને ડેરી ઉત્પાદનો એક મોટો અવરોધ સાબિત થઈ રહ્યા છે. અમેરીકા તેના કૃષિ અને ડેરી ઉત્પાદનો માટે ભારતીય બજાર ખોલવા પર અડગ છે.

## ગુજરાતમાં વિધાનસભાનું આગામી ચોમાસુ સત્ર તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયપાલ આચાર્ય દેવવ્રતે વિધાનસભાનુ ચોમાસુ સત્ર બોલાવ્યુ છે. આગામી તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ૩ દિવસ ૧૫ મી વિધાનસભાનુ સાતમુ સત્ર યોજાશે. આ અંગેની વિગતો આપતા વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યુ હતુ કે ગુજરાતના રાજયપાલ આચાર્યદેવવ્રતે ૧૫ મી વિધાનસભાના સાતમા સત્રનુ આહવાન કર્યુ છે. જે અંતર્ગત આગામી તા. ૮, ૯ અને ૧૦



સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ૩ દિવસ ચોમાસુ સત્ર યોજાશે. ગુજરાત વિધાનસભા ખાતે આગામી ૨૦ ઓગસ્ટ થી ધારાસભ્યો પોતાના પ્રશ્નો ઓનલાઈન તેમજ પ્રત્યક્ષ એમ બંને પધ્ધતિથી આપી શકશે, વધુમાં જણાવ્યુ હતુ કે ૩ દિવસીય સત્ર દરમિયાન સરકારી કામકાજમાં જીએસટી સુધારા વિધેયક તેમજ ફેકટરી એકટ સુધારા વિધેયકના વટહુકમ વિધાનસભામાં રજુ થશે, જો સરકાર પાસે અન્ય કોઈ બાકીનુ કામકાજ હશે તો તે પણ રજુ થતા આગળ લેવામાં આવશે આ ઉપરાંત ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ શનિવારના રોજ બોલાવવામાં આવેલી કામકાજ સલાહકાર સમિતિની મીટીંગમાં વિધાનસભા કામગીરીની વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

## વેજલપુરમાંથી વધુ એક વાર બોગસ ચલણી નોટો સાથે મહિલા ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ફરી એક વખત અમદાવાદમાં બનાવટી ચલણી નોટો ફરતી કરવાનું ષડયંત્ર પોલીસે ખુલ્લુ પાડ્યું છે. એસઓજીના ઈન્સ્પેકટર વી.એચ. જોષી અને એફ.એન. બેલીમે વેજલપુર સાવન હોલ પાસેથી એક મહિલાને રૂપિયા ૫૦૦ના દરની ૨૭ બનાવટી નોટો સાથે ઝડપી લીધી હતી. પૂછપરછમાં તેને કેટલાક લોકોએ આ નોટો બજારમાં ફરતી કરવા માટે આપી હતી. પોલીસે હાલ આ તત્ત્વોને ઝડપી લેવાની કવાયત આદરી છે.

બીજી તરફ એક જ સિરીઝ નંબરની ત્રણ-ત્રણ નોટો મળી આવતાં આ નોટો ક્યાંથી દેશમાં ઘૂસાડવામાં આવતી હતી તેની પણ તપાસ ચાલી રહી છે.અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે ગુનેગારોને ઝડપી લેવા માટે ખાસ કવયાત શરૂ કરી છે. ત્યારે જ એસઓજીના ઈન્સ્પેકટર જોષી તથા બેલીમને માહિતી મળી હતી કે એક મહિલા બનાવટી ચલણી નોટો બજારમાં ફરતી કરી રહી છે. જેને પગલે પોલીસે વેજલપુર જઈને આ મહિલાને ઝડપી લીધી હતી. પ્રાથમિક પૂછપરછમાં મહિલાએ પોતાનું નામ સમરા સમીરખાન રહેમાન પઠાણ (રહે. જિન્નત રેસિડેન્સી, ફતેવાડી કેનાલ પાસે, વેજલપુર) હોવાનું જણાવ્યું હતું.